ફરિશ્તાઓ ! તમે ગવાહ રહો કે મેં એની બખશિશ કરી દીધી અને તેની સ્વજાત માટેની સિફારિશ કબૂલ કરી અને જો મારો આ બંદો તમામ અરફાતવાળાઓ માટે દુઆ કરત (અને) સિફારિશ કરત તો એ (સિફારિશ) પણ હું અવશ્ય કબૂલ કરી લેત. (બયહકી કૃત શુઅ્બુલ્ ઈમાન : હદીષ નંબર : ૩૭૮૦)

(૧૩) પચાસ સિદ્દીકીનના અમલ બરાબર સવાબ મળશે :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે ફજરની નમાઝ પછી કોઈની સાથે વાત કર્યા વગર સો વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ..." પઢી તો એ દિવસે તેના માટે પચાસ સિદ્દીકીનના અમલ બરાબર સવાબ લખવામાં આવશે. (ફિરદૌસે દયલમી, દૂર્રે મન્થૂર : ૬/૪૪)

(૧૪) જુમ્અહના દિવસે પઢવાની ફઝીલત :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી મરફૂઅન્ રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ જુમ્અહના દિવસે મસ્જિદમાં આવીને ચાર રકાત નમાઝ એવી રીતે પઢે કે દરેક રકા'તમાં સૂરએ ફાતિહા પછી પચાસ વખત (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ..." પઢે, તો આ પ્રમાણે કુલ બસો વાર થઈ જશે, તો એ માણસને ત્યાં સુધી મૌત આવશે નહિ, જ્યાં સુધી કે તે જન્નતમાં પોતાની મંઝિલ (ઠેકાણું) નિહાળી ન લે અથવા જ્યાં સુધી કે તેને એની મંઝિલ દેખાડવામાં ન આવે.

(તફસીરે કુર્તુબી : ૮/૮૩૩૯)

(૧૫) એક હજાર વખત પઢવાની ફઝીલત :

હઝરત હુઝય્ફહ ઈબ્ને યમાન (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે એક હજાર વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પઢી તો જાણે તેણે પોતાના નફ્સને અલ્લાહ તઆલાથી ખરીદી લીધો. (સુયૂતી કૃત "જમ્ઉલ્ જવામિઅ્")

(૧૬) અરફહના દિવસે પઢવાની ફઝીલત :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે યૌમે અરફહની સાંજે એક હજાર વાર (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પઢી તો અલ્લાહ તઆલા તેની દરેક દુઆ કબૂલ ફરમાવશે.

(અલ્લામહ સુયૂતી (રહ.) કૃત "જમ્ઉલ્ જવામિઅ્" : ૧/૮૨૨)

(૧૭) વિવિધ ફઝીલતો :

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." એક વાર પઢશે તો તેના પર બરકત નાઝિલ થશે અને જે વ્યક્તિએ એને બે વાર પઢી તો તેના પર અને તેના પરિવારજનો પર બરકત નાઝિલ થશે અને જો કોઈ વ્યક્તિ એને ત્રણ વાર પઢશે તો તેના પર તેના પરિવારજનો પર અને તેના પાડોશીઓ પર પણ બરકત નાઝિલ થશે, અને જો કોઈ માણસ એને બાર વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં મહેલ બનાવે છે અને ફરિશ્તાઓ પરસ્પર એક બીજાને કહે છે : ચાલો, પોતાના

ભાઈનો મહેલ જોવા જઈએ, અને જો કોઈ માણસ સો વાર આ સૂરહ પઢશે તો કતલ અને ચોરી સિવાયના એના પચ્ચીસ વર્ષના ગુનાહ માફ કરી દેવામાં આવશે અને જો કોઈ વ્યક્તિ એને ત્રણ સો વાર પઢશે તો અલ્લાહ તઆલા તેના માટે એવા ચાર સો શહીદોનો સવાબ લખશે, જેમના ઘોડાઓની ટાંગો કાપી નાખવામાં આવી હોય અને તેમને હલાક કરી નાખવામાં આવ્યા હોય અને જો કોઈ વ્યકિત એને હજાર વખત પઢશે, તો એને ત્યાં સુધી મૌત આવશે નહિ, જયાં સુધી કે તે જન્નતમાં પોતાનું મકાન નિહાળી ન લે અથવા એને બતાવી દેવામાં ન આવે.

(જમ્ઉલ જવામિઅ્ : ૧/૮૨૧, કુર્તુબી : ૮/૮૩૪૦)

(૧૮) અલ્લાહ સાથે વિશેષ નિસ્બત ધરાવતી સૂરહ :

હઝરત આમિર ઈબ્ને અબ્દે કૈસ (રદિ.) ફરમાવે છે કે જે માણસ (સૂરએ) "કુલ્ હુવલ્લાહુ અહદ...." પઢે તો પછી આ સૂરહને મુસ્તકિલ રાખવાના હેતુસર એની સાથે કુર્આનમાંથી બીજું કાંઈ ન પઢે (એટલે કે સૂરએ ઈખ્લાસની તિલાવતને કાફી સમજે), કારણ કે આ સૂરહ આરંભથી અંત સુધી અલ્લાહ તઆલા તરફ જ મન્સૂબ છે.

(ઈબ્ને માજહ : ફી ફઝાઈલિલ્ કુર્આન : ૨૬૦)

બીમારીઓનો કુર્આની ઉપચાર

(૧) તીવ્ર બીમારીથી છૂટકારો :

સૂરએ મુઅ્મિનૂનની નીચે દર્શાવેલી અંતિમ આયતો ખાસ ફઝીલત ધરાવે છે :

أَفَحَسِبْتُمْ أَنَّمَا خَلَقْنَٰكُمْ عَبَثًا وَأَنَّكُمْ إِلَيْنَا لَا تُرْجَعُونَ ﴿١١٥﴾
فَتَعَٰلَى ٱللَّهُ ٱلْمَلِكُ ٱلْحَقُّ ۖ لَآ إِلَٰهَ إِلَّا هُوَ رَبُّ ٱلْعَرْشِ
ٱلْكَرِيمِ ﴿١١٦﴾ وَمَن يَدْعُ مَعَ ٱللَّهِ إِلَٰهًا ءَاخَرَ لَا بُرْهَٰنَ لَهُۥ بِهِۦ فَإِنَّمَا
حِسَابُهُۥ عِندَ رَبِّهِۦٓ ۚ إِنَّهُۥ لَا يُفْلِحُ ٱلْكَٰفِرُونَ ﴿١١٧﴾ وَقُل رَّبِّ ٱغْفِرْ
وَٱرْحَمْ وَأَنتَ خَيْرُ ٱلرَّٰحِمِينَ ﴿١١٨﴾ (المؤمنون٢٣: ١١٥تا١١٨، پارہ١٨)

બગ્વી અને સઅ્લબીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત કરી છે કે તેઓ એક બીમાર માણસ પાસેથી પસાર થયા, જે સખત બીમારીઓમાં સપડાયેલો હતો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ તેના કાનમાં સૂરએ મુઅ્મિનૂનની ઉપરોક્ત આયતો પઢી દીધી, તો એ તે જ વખતે તંદુરસ્ત થઇ ગયો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)ને પૂછયું કે, આપે એના કાનમાં શું કહ્યું ? હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ અરજ કરી કે આ આયતો પઢી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : કસમ છે તે પવિત્ર ઝાતની કે જેના અંકુશમાં મારો પ્રાણ છે, જો યકીન ધરાવનારો કોઈ માણસ આ આયતોને પહાડ ઉપર પણ પઢશે તો તે પોતાના સ્થળેથી હટી અને હચમચી જશે.

(અબૂ યઅ્લા, કુર્તુબી, મઝહરી, મઆરિફુલ કુર્આન ૬/૩૨૮, તુહફ–એ–હુફ્ફાઝ : ૩૪૭)

(૨) બીમારી, તકલીફ અને નાદારીથી નજાત :

હઝરત અબૂ હુરયરહ (રદિ.)નું બયાન છે કે, એક દિવસે

હું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સથવારે બહાર નીકળ્યો. આપ (સલ.) એક એવા માણસ પાસેથી પસાર થયા, જે બહુ પરેશાન, ઉદાસ અને નાદાર હતા.

ફરમાવ્યું : હે સજ્જન ! તમારી બીમારી અને તંગદસ્તીમાં કેટલીક અશક્ય (કહી ન શકાય તેવી) પરિસ્થિતિ હું જોઇ રહ્યો છું ? શું તમને એવા કલિમાત ન શિખવાડી દઉં, જે તમારી આ બીમારી, તકલીફ અને તંગદસ્તીની હાલતને દૂર **કરી દે ? આ કલિમાત પઢયા કરો :**

تَوَكَّلْتُ عَلَى الْحَيِّ الَّذِي لَا يَمُوتُ
اَلْحَمْدُ لِلّٰهِ الَّذِي لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ يَكُنْ لَّهٗ
شَرِيكٌ فِي الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِيٌّ مِّنَ الذُّلِّ
وَكَبِّرْهُ تَكْبِيرًا ﴿١١١﴾

તવક્કલ્તુ અલલ્ હય્યિલ્લઝી લા યમૂતુ વલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી લમ્ યત્તખિઝ્ વ–લદંવ્ વ લમ્ યકુલ્લહૂ શરીકુન્ ફિલ્મુલ્કિ વ લમ્ યકુલ્લહૂ વલિય્યુમ્ મિનઝ્ઝુલ્લિ વ કબ્બિર્હૂ તકબીરા.

પછી આપ (સલ.) ફરી એક વાર તશરીફ લઇ ગયા તો તેમને સારી હાલતમાં પામ્યા. ફરમાવ્યું : કેવી સારી હાલત છે.

તેમણે અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.) ! જ્યારથી આપે મને પેલા કલિમાત શિખવાડયા છે, હું બરાબર એનો વિર્દ (પઠન) કરતો રહું છું.

(દૂર્રે મન્ષૂર : ૫/૩૫૨, તિલાવતુ કુર્આનિલ મજીદ)

તંગી, મુસીબતો, મૂંઝવણો અને મુશ્કેલીઓના નિવારણ માટે હઝરત અબૂ ઝર ગિફારી (રદિ.)થી મન્કૂલ એક દુઆ :

હઝરત જિબ્રઈલ (અલૈ.)એ ફરમાવ્યું : હે મુહમ્મદ (સલ.) ! તે ઝાતની કસમ જેણે આપને હક સાથે મોકલ્યા છે, આપની ઉમ્મતમાંથી જે કોઈ પણ વ્યક્તિ આ (નીચે દર્શાવેલી) દુઆ (દિલથી) કરશે, તો તેના ગુનાહ માફ થઈ જશે, ભલે તે સમંદરના કાંપથી (પણ) વધારે હોય અથવા જમીનની માટી બરાબર હોય.... અને આપની ઉમ્મતમાંથી જે કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલાને એવી હાલતમાં મળશે કે તેના દિલમાં આ દુઆ હશે, તો જન્નત તેની (મુલાકાત અને સત્કાર માટે) મુશ્તાક અને ઉત્સુક હશે અને બે ફરિશ્તાઓ તેના માટે મગફિરત માંગશે અને તેના માટે જન્નતના દ્વાર ખોલી આપવામાં આવશે. પછી ફરિશ્તાઓ તેને પુકારશે : હે અલ્લાહના દોસ્ત ! જન્નતના જે દરવાજેથી ચાહે (જન્નતમાં) દાખલ થઈ જા. તે દુઆ નીચે પ્રમાણે છે :

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ اِيْمَانًا دَائِمًا وَّاَسْئَلُكَ قَلْبًا خَاشِعًا
وَّاَسْئَلُكَ عِلْمًا نَّافِعًا وَّاَسْئَلُكَ يَقِيْنًا صَادِقًا وَّاَسْئَلُكَ
دِيْنًا قَيِّمًا وَّاَسْئَلُكَ الْعَافِيَةَ مِنْ كُلِّ بَلِيَّةٍ وَّاَسْئَلُكَ
تَمَامَ الْعَافِيَةِ وَاَسْئَلُكَ دَوَامَ الْعَافِيَةِ وَاَسْئَلُكَ
الشُّكْرَ عَلَى الْعَافِيَةِ وَاَسْئَلُكَ الْغِنٰى عَنِ النَّاسِ ط

અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુ–ક ઈમાનન્ દાઈમંવ્, વ

અસ્અલુ–ક કલ્બન્ ખાશિઅંવ્, વ અસ્અલુ–ક ઈલ્મન્ નાફિઅંવ્, વ અસ્અલુ–ક યકીનન્ સાદિકંવ્, વ અસ્અલુ–ક દીનન્ કય્યિમંવ્, વ અસ્અલુકલ્ આફિય–ત મિન્ કુલ્લિ બલિય્યતિંવ્, વ અસ્અલુ–ક તમામલ્ આફિય–તિ, વ અસ્અલુ–ક દવામલ્ આફિય–તિ, વ અસ્અલુકશ્શુક્ર અલલ્ આફિય–તિ, વ અસ્અલુકલ્ ગિના અનિન્નાસ.

[અર્થ : હે અલ્લાહ ! હું તારાથી હંમેશા (બાકી) રહેનાર ઈમાનનો સવાલ કરું છું અને તારાથી તારો ખૌફ ધરાવનાર દિલનો સવાલ કરું છું તથા તારાથી લાભદાયક ઈલ્મનો સવાલ કરું છું અને તારી સામે સાચા યકીનનો સવાલ કરું છું અને તારાથી સદા કાયમ રહેનાર દીનનો સવાલ કરું છું અને તારાથી દરેક મુસીબત–આફતથી આફિયતનો સવાલ કરું છું અને તારી સામે સંપૂર્ણ–સર્વાંગ આફિયતનો સવાલ કરું છું અને હંમેશા બાકી રહે એવી આફિયતનો તારાથી સવાલ કરું છું અને આફિયતની પ્રાપ્તિ પર શુક્ર અદા કરવા(ની તવફીક)નો તારાથી સવાલ કરું છું અને તારી સામે લોકોથી બેનિયાઝી (નિઃસ્પૃહતા)નો સવાલ કરું છું.]

વિવરણ : આ દુઆ તંગી, મુસીબતો અને પરેશાનીઓના નિવારણ માટે બહુ અસરકારક, ઉપયોગી, ઉપકારક, રહમતરૂપ અને અનુભવસિદ્ધ છે, જેને "નવાદિરુલ ઉસૂલ"ના કર્તાએ પોતાની સનદ સાથે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી રિવાયત કરી છે કે, હઝરત જિબ્રઈલ (અલૈ.) તશરીફ લાવ્યા. હઝરત જિબ્રઈલ (અલૈ.) આપ (સલ.) પાસે બેઠા હતા, તે અરસામાં જ હઝરત અબૂ ઝર ગિફારી (રદિ.) પણ એકાએક આવી પહોંચ્યા. જયારે હઝરત જિબ્રઈલ (અલૈ.)એ આપને જોયા તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમએ પૂછયું કે, હે અમીનુલ્લાહ ! શું આપ (હઝરત) અબૂ ઝર (રદિ.)ના નામથી પરિચિત અને માહિતગાર છો ? હઝરત જિબ્રઈલ (અલૈ.)એ ફરમાવ્યું : હા. (હું પરિચિત છું.) તે ઝાતની કસમ જેણે હક (સત્ય) સાથે આપ (સલ.)ને મોકલ્યા છે, (હઝરત) અબૂ ઝર (રદિ.) પૃથ્વી કરતાં પણ આસમાન પર વધુ મશહૂર છે, ખ્યાતનામ છે અને એમની આ શોહરત (ખ્યાતિ) તે દુઆને કારણે છે, જેને તેઓ દરરોજ બે વખત પઢે છે. ફરિશ્તા એ દુઆથી ઘણા ખુશ થયા છે..... આપ (સલ.) તે દુઆ પઢો અને એ દુઆ વિશે (હઝરત) અબૂ ઝર (રદિ.)ને પૂછો.

હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ પૂછયું કે, હે અબૂ ઝર (રદિ.) ! એવી કઈ દુઆ છે, જેને આપ દરરોજ પઢો છો. હઝરત અબૂ ઝર (રદિ.)એ જવાબમાં ફરમાવ્યું : હા, મારાં માં–બાપ આપ પર કુર્બાન થાય, મેં એ કલિમાત કોઈ ઇન્સાનથી સાંભળ્યા નથી. તે કલિમાત મારા પરવરદિગારે મારા દિલમાં નાખ્યા છે અને હું દરરોજ બે વખત એ કલિમાત દ્વારા દુઆ કરું છું. પ્રથમ કિબ્લા તરફ મુખ (રૂખ) કરું છું. પછી થોડીવાર ''સુબ્હાનલ્લાહ'' અને થોડીવાર ''અલ્લાહુ અકબર'' પઢું છું. ત્યાર બાદ એ કલિમાત દ્વારા દુઆ કરું છું. (અલ્ જામિઉલ્ કબીર : ૩/૧૦૩, સંદર્ભ : મફાતીહુલ ફરજ લિ–તરવીહિલ્ કુલૂબ વ તફરીજિલ્ કુરૂબ : ૯૫, આરબ લેખક : મુહમ્મદ સિદીક મન્શાવી સા.)

મુસલમાનોને તુચ્છ સમજવું

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ એક હદીસમાં

ફરમાવ્યું કે : આદમીના માટે આ બુરાઈ કાફી છે કે તે પોતાના ભાઈ મુસલમાનને તુચ્છ સમજે (અર્થાત્ જો કોઈનામાં આ વાત હોય અને બીજી કોઈ બુરાઈની વાત ન હોય તો પણ એમાં બુરાઈની કમી નથી.)

• • •

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ
صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ
مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى
اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

★ પૂર્તિની અનુક્રમણિકા ★

★ ★ ★

પૂર્તિ

૧૦૦૦ (એક હજાર) દિવસ સુધી સવાબ રળી (મેળવી) આપનારું દુરૂદ શરીફ

''તબરાની''ની રિવાયત અનુસાર હઝરત જાબિર (રદિ.)ની રિવાયતથી હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો આ ઈરશાદ નકલ થયો છે કે, જે માણસ સવાર–સાંજ આ (નીચે દર્શાવેલું) દુરૂદ શરીફ પઢયા કરશે, તો એ દુરૂદ એનો સવાબ લખનારાઓ (ફરિશ્તાઓ)ને એક હજાર દિવસ સુધી મશક્કત (કષ્ટ)માં મૂકી દેશે. મશક્કતમાં નાખવાનો ભાવાર્થ એ છે કે, તેઓ એક હજાર દિવસ સુધી એનો સવાબ લખતા લખતા થાકી જશે :

اَللّٰهُمَّ رَبَّ مُحَمَّدٍ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى اٰلِ مُحَمَّدٍ
وَّاجْزِ مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَا هُوَ اَهْلُهٗ ط

અલ્લાહુમ્મ રબ્બ મુહમ્મદિન્ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિંવ્ વજ્ઝિ મુહમ્મદન્ સલ્લલ્લાહુ અલય્હિ વ સલ્લ–મ મા હુ–વ અહ્લુહ્.

(ફઝાઈલે દુરૂદ : ૪૫)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ અઝાન વખતે આ (નીચે દર્શાવેલી) દુઆ પઢશે, તો એના માટે મારી શફાઅત વાજિબ છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّبَلِّغْهُ دَرَجَةَ الْوَسِيْلَةِ عِنْدَكَ وَاجْعَلْنَا فِيْ شَفَاعَتِهٖ يَوْمَ الْقِيَامَةِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ બલ્લિગ્હૂ દ-૨-જતલ્ વસી-લતિ ઈન્દ-ક, વજ્અલ્ના ફી શફાઅ-તિહી યવ્મલ્ કિયામહ્. (તબરાની, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૮૨)

● ● ●

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ અઝાનના સમયે (અઝાન પછી) આ દુરૂદ શરીફ પઢશે તો તે મારી શફાઅત પામશે :

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّآمَّةِ وَالصَّلٰوةِ الْقَائِمَةِ اَعْطِ مُحَمَّدًا سُؤْلَهٗ ط

અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિદ્અ્વતિ ત્તામ્મતિ વસ્સલાતિલ્ કા-ઈમતિ અઅ્તિ મુહમ્મદન્ સુઅ્લહ્. (અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૮૨)

● ● ●

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે પણ મુસલમાન નમાઝની અઝાન સાંભળે (અને નીચે દર્શાવેલું દુરૂદ પઢે) તો મારા ઝિમ્મે કિયામતના દિવસે એની શફાઅત વાજિબ થઈ જશે :

اَللّٰهُ اَكْبَرُ ط اَشْهَدُ اَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط اَللّٰهُمَّ اَعْطِ مُحَمَّدَ نِ الْوَسِيْلَةَ وَالْفَضِيْلَةَ وَاجْعَلْ فِى الْاَعْلِيْنَ دَرَجَتَهٗ وَفِى الْمُصْطَفِيْنَ مَحَبَّتَهٗ وَالْمُقَرَّبِيْنَ ذِكْرَهٗ ط

અલ્લાહુ અકબર. અશ્હદુ અલ્લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ. અલ્લાહુમ્મ અઅ્તિ મુહમ્મ-દનિલ્ વસીલ-ત વલ્ ફદી-લ-ત, વજ્અલ્ ફિલ્અઅ્લી-ન દ-ર-જ-તહૂ, વ ફિલ્મુસ્તફય્‌ન મહબ્બ-તહૂ, વલ્ મુકર્રબી-ન ઝિક્રહ્.

(તહાવી, તબરાની, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૮૨)

દરેક ફર્ઝ નમાઝ પછી દુરૂદ

હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ દરેક ફર્ઝ નમાઝ પછી આ (નીચે દર્શાવેલું) દુરૂદ શરીફ પઢશે તો એના માટે કિયામતના દિવસે મારી શફાઅત વાજિબ થઈ જશે :

اَللّٰهُمَّ اَعْطِ مُحَمَّدَ نِ الْوَسِيْلَةَ وَاجْعَلْ فِى الْمُصْطَفِيْنَ مَحَبَّتَهٗ وَفِى الْعَالَمِيْنَ دَرَجَتَهٗ وَفِى الْمُقَرَّبِيْنَ دَارَهٗ ط

અલ્લાહુમ્મ અઅ્તિ મુહમ્મ-દનિલ્ વસીલ-ત વજ્અલ્ ફિલ્ મુસ્ત-ફ્યન મહબ્બ-તહૂ વ ફિલ્ આલ-મી-ન દ-ર-જત-હૂ વ ફિલ્ મુકર્રબી-ન દા-રહૂ.

(તબરાની, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૬૮)

ઉપરોક્ત અહાદીસમાં દુરૂદ શરીફ પઢવાની ખુસૂસી ફઝીલત બયાન કરવામાં આવી છે કે દુરૂદ શરીફ પઢનાર માટે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફાઅત લાઝિમ થશે. આ કારણે આ દુરૂદો પૈકી કોઈપણ દુરૂદ પઢવાનો મા'મૂલ બનાવી લેવો જોઈએ, જેથી કિયામતના મેદાનમાં આ અમોલી દોલત (શફાઅત) નસીબ થાય.

અઝાન પછી પઢવાથી શફાઅત વાજિબ થઈ જશે

હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ મુઅઝ્ઝિનની અઝાન પછી આ દુરૂદ શરીફ પઢશે, તો એના માટે મારી શફાઅત વાજિબ થઈ જાય છે :

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّآمَّةِ وَالصَّلٰوةِ الْقَآئِمَةِ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ وَاَعْطِهِ الْوَسِيْلَةَ وَالشَّفَاعَةَ يَوْمَ الْقِيٰمَةِ ط

અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિદ્દઅ્વતિ ત્તામ્મતિ વસ્સલાતિલ્ કા-ઈમતિ, સલ્લિ અલા મુહમ્મદિન્ અબ્દિ-ક વ રસૂલિ-ક વ અઅ્તિહિલ્ વસીલ-ત વશ્શફાઅ-ત યવ્મલ્ કિયામહ્.

(ઈબ્નુસ્સુન્ની, અલ્ કવ્લુલ્ બદીઅ : ૧૮૦)

નબવી શફાઅત અને ગવાહી પ્રાપ્ત થશે

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે, નબીએ અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ આ (નીચે દર્શાવેલું) દુરૂદ શરીફ પઢશે, તો કિયામતના દિવસે એના હકમાં ગવાહી આપીશ અને એના માટે હું શફાઅત કરીશ :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ وَبَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ وَتَرَحَّمْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا تَرَحَّمْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા સલ્લય્‌ત અલા ઈબ્રાહી-મ વ અલા આલિ ઈબ્રાહી-મ વ બારિક્ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા બારક્‌ત અલા ઈબ્રાહી-મ વ અલા આલિ ઈબ્રાહી-મ, વ તરહ્‌હમ્ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ કમા તરહ્‌હમ્‌ત અલા ઈબ્રાહી-મ વ અલા આલિ ઈબ્રાહીમ.

(અલ્ અદબુલ્ મુફ્રદ : ૧૯૩, નુઝુલુલ્ અબરાર : ૧૬૭)

ચાળીસ વર્ષની ઈબાદતનો સવાબ

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી સુબ્હાનલ્લાહિલ અઝીમ.

(**અર્થ** : હું અલ્લાહ તઆલાની પાકી બયાન કરું છું અને તેની તારીફ બયાન કરું છું, હું અલ્લાહ તઆલાની પાકી બયાન કરું છું, જે મહાન અને ઉચ્ચતર છે.)

આ ફરિશ્તાઓની તસ્બીહ છે (ફત્હુલ બારી શર્હે બુખારી શરીફ : ૧૧/૨૦૭). આ તસ્બીહને મગરિબની નમાઝ બાદ પઢવાથી ચાળીસ (૪૦) વર્ષની ઈબાદતનો સવાબ મળે છે.

[''મો'મિનકી ઝિંદગી'' : ૫૫. સ્ત્રોત : હઝ. મવ. મુફતી ઈસ્માઈલ વાડીવાલા સા. કૃત ''હુઝૂર (સલ.)ની મુહબ્બત'' : ૨૪]

મોટા ત્રાજવામાં તોલાતું દુરૂદ

હઝરત અલી (રદિ.)ની રિવાયતમાં છે કે, જે માણસ એવું ચાહે કે અમારા અહલે બૈત પર દુરૂદ મોકલે અને તેનું દુરૂદ કોઈ મોટા ત્રાજવા કે માપણામાં તોલવામાં આવે, તો તે આ દુરૂદ પઢે :

اَللّٰهُمَّ اجْعَلْ صَلَوٰتِكَ وَبَرَكَاتِكَ عَلٰى مُحَمَّدِنِ النَّبِيِّ
وَاَزْوَاجِهٖ اُمَّهَاتِ الْمُؤْمِنِيْنَ وَذُرِّيَّتِهٖ وَاَهْلِ بَيْتِهٖ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ

અલ્લાહુમ્મજ્અલ્ સ-લવાતિ-ક વ બ-રકાતિ-ક અલા મુહમ્મદિનિન્નબિય્યિ વ અઝ્વાજિહી ઉમ્મહાતિલ્ મુઅ્મિની-ન વ ઝુર્રિય્યતિહી વ અહ્લિ બય્તિહી કમા સલ્લય્ત અલા આલિ ઈબ્રાહી-મ, ઈન્ન-ક હમીદુમ્ મજીદ. (અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૪૩)

બેહતરીન દુરૂદ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જયારે મારી ઉપર દુરૂદ મોકલો તો બેહતરીન દુરૂદ મોકલો. કદાચ તમે જાણતા નથી કે (તમારું પઢેલું એ દુરૂદ) અમારી સામે રજૂ કરવામાં આવે છે. આ દુરૂદ પઢો :

اَللّٰهُمَّ اجْعَلْ صَلَوٰتِكَ وَرَحْمَتَكَ وَبَرَكَاتِكَ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ وَاِمَامِ الْمُتَّقِيْنَ وَخَاتَمِ النَّبِيِّيْنَ عَبْدِكَ وَرَسُوْلِكَ اِمَامِ الْخَيْرِ وَقَائِدِ الْخَيْرِ رَسُوْلِ الرَّحْمَةِ اَللّٰهُمَّ ابْعَثْهُ الْمَقَامَ الْمَحْمُوْدَ يَغْبِطُهٗ بِهِ الْاَوَّلُوْنَ وَالْاٰخِرُوْنَ ط

અલ્લાહુમ્મજ્અલ્ સ-લવાતિ-ક વ રહ્મત-ક વ બ-રકાતિ-ક અલા સય્યિદિલ્ મુરસલી-ન વ ઈમામિલ્ મુત્તકી-ન વ ખાતમિન્નબિય્યી-ન અબ્દિ-ક વ રસૂલિ-ક ઈમામિલ્ ખય્રિ વ કાઈદિલ્ ખય્રિ રસૂલિર્રહ્મહ્. અલ્લાહુમ્મબ્અષ્હુલ્ મકામલ્ મહ્મૂ-દ યગ્બિતુહૂ બિહિલ્ અવ્વલૂ-ન વલ્ આખિરૂન. (અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૪૮)

બેહતરીન હમ્દ અને અતિ અફઝલ દુરૂદ

અબ્દુલ્લાહ મૂસલી (રહ.)એ બયાન કર્યું છે કે, જે માણસ અલ્લાહ તઆલાની બેહતરીન હમ્દ કરવા ચાહે અને અફઝલ—તરીન દુરૂદ પઢવા ચાહે તો તે આ હમ્દો—સલાત પઢે :

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ كَمَا اَنْتَ اَهْلُهٗ۔ فَصَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا اَنْتَ اَهْلُهٗ وَافْعَلْ بِنَا مَا اَنْتَ اَهْلُهٗ فَاِنَّكَ اَهْلُ التَّقْوٰى وَاَهْلُ الْمَغْفِرَةِ ط

અલ્લાહુમ્મ લકલ્ હમ્દુ કમા અન્ત અહ્લુહ્. ફ-સલ્લિ અલા મુહમ્મદિન્ કમા અન્ત અહ્લુહ્. વફ્અલ્ બિના મા અન્ત અહ્લુહ્. ફઈન્નક અહ્લુત્તક્વા વઅહ્લુલ્ મગ્ફિરહ્.

ઉત્તમ દુરૂદ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જ્યારે તમે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર દુરૂદ મોકલો તો બેહતરીન દુરૂદ મોકલો. શાયદ તમે જાણતા નથી કે તે મારી ઉપર પેશ કરવામાં આવે છે, મારી સામે રજૂ કરવામાં આવે છે. સહાબએ કિરામ (રદિ.)એ અરજ કરી : અમને એ દુરૂદ શિખવાડી દો. આપ (સલ.)એ ફરમાવ્યું : (આ દુરૂદ) પઢો :

اَللّٰهُمَّ اجْعَلْ صَلَاتَكَ وَرَحْمَتَكَ وَبَرَكَاتِكَ عَلٰى سَيِّدِ الْمُرْسَلِيْنَ وَاِمَامِ الْمُتَّقِيْنَ وَخَاتَمِ النَّبِيّٖنَ مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ اِمَامِ الْخَيْرِ وَقَائِدِ الْخَيْرِ وَرَسُوْلِ الرَّحْمَةِ اَللّٰهُمَّ ابْعَثْهُ مَقَامًا مَّحْمُوْدًا يَّغْبِطُهٗ بِهِ الْاَوَّلُوْنَ

وَالْاٰخِرُوْنَ ط اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ
مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

(ઇબ્ને માજહ : ૯૦૬, અસ્સિઆયહ : ૨૩૬ મવ્કૂફન્)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

પ્લેગ અને કૉલેરા વગેરે બીમારીઓથી હિફાઝત

ઈબ્ને ખતીબ (રહ.)એ બયાન કર્યું છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર વધુ પ્રમાણમાં નીચે

દર્શાવેલું દુરૂદ પઢવાથી પ્લેગ અને કૉલેરા (જેવી જીવલેણ બીમારીઓ)થી હિફાઝત થાય છે અને આ દુરૂદ આ પ્રકારની વિનાશકારી બીમારીઓને દૂર કરે છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلٰوةً تَعْصِمُنَا بِهَا مِنَ الْاَهْوَالِ وَالْاٰفَاتِ وَتُطَهِّرُنَا بِهَا مِنْ جَمِيْعِ السَّيِّاٰتِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ સલાતન્ તઅ્સિમુના બિહા મિનલ્ અહ્વાલિ વલ્ આફાતિ વ તુ-તહ્હિરુના બિહા મિન્ જમીઈસ્સય્યિઆત. (અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૨૧૧)

જનાઝહ નિહાળીને દુઆ પઢવા બદલ મળતો અપાર સવાબ

હઝરત અનસ (રદિ.)એ રિવાયત બયાન કરી છે કે, જે માણસ જનાઝહ નિહાળીને (નીચે દર્શાવેલી) દુઆ પઢશે, તો (આ દુઆ) પઢવાના દિવસથી લઈને કિયામત સુધી દરરોજ એના માટે ૨૦ (વીસ) નેકીઓ લખાતી રહેશે :

اَللّٰهُ اَكْبَرُ، صَدَقَ اللّٰهُ هٰذَا مَا وَعَدَ اللّٰهُ وَرَسُوْلُهٗ، اَللّٰهُمَّ زِدْنَا اِيْمَانًا وَّتَسْلِيْمًا ط

અલ્લાહુ અકબર, સ-દકલ્લાહુ હાઝા મા વ-અ-દલ્લાહુ વ રસૂલુહ્. અલ્લાહુમ્મ ઝિદ્ના ઈમાનંવ્ વ તસ્લીમા.

[**અર્થ** : અલ્લાહ સૌથી મહાન છે. અલ્લાહ સાચો છે. આ અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો વાયદો છે. હે અલ્લાહ ! અમારા ઈમાન અને તસ્લીમ (આજ્ઞાપાલન અને સમર્પણ–ભાવના)માં હજુ પણ

વધારો કરી દે.]

('મૌતકી તૈયારી : પેજ : ૧૦૧, લેખક : હઝ. મવ. પીર ઝુલફિકાર અહમદ નકશબંદી સા. મ.ઝિ.)

જરા વિચારો ! લખલૂટ સવાબ પામવાનો કેવો અજીબ નુસખો છે... એક દિવસની વીસ નેકીઓ લેખે ઓછામાં ઓછા ફક્ત ૫૦ વર્ષની નેકીઓ ગણીએ તો પણ ૩,૬૫,૦૦૦ નેકીઓ થાય છે, પણ આ તો વાત છે કિયામત સુધીના વર્ષોની. અલ્લાહ જાણે કિયામતના આગમનને કેટલા વર્ષો છે ? ! તદુપરાંત આ તો એક જ વખત પઢવાનો આવડો મોટો સવાબ છે, પરંતુ જો અનેક જનાઝાઓ નિહાળીને આ દુઆ પઢવામાં આવે તો કેટલી અઢળક નેકીઓ મળતી રહેશે ? ! અલ્લાહ તઆલાના ખઝાનામાં કશી કમી નથી. તે મહા દાતા અને ઉદાર છે.

સમગ્ર મુસલમાનોની સંખ્યા બરાબર સવાબ મળશે

હઝરત ઉમ્મે સલમા (રદિ.)થી રિવાયત છે કે, હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઇરશાદ ફરમાવ્યો કે, જે માણસ દરરોજ એકવાર (નીચે દર્શાવેલી દુઆ) પઢશે, તો એને દુનિયામાં વસતા તમામ મુઅમિનો પૈકી દરેક મુઅમિન તરફથી એક–એક નેકી મળશે :

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ ط

અલ્લાહુમ્મગ્ફિર લી વ લિલ્ મુઅ્મિની–ન વલ્ મુઅ્મિનાત.

[**અર્થ** : હે અલ્લાહ ! મારી મગફિરત ફરમાવ તથા તમામ મુઅમિન પુરુષો અને તમામ મુઅમિન સ્ત્રીઓની મગફિરત ફરમાવ.]

(તબરાની કૃત ''મુઅ્જમે કબીર'' : ૨૩/૩૭૦, હદીસ નં. ૮૭૭, સંદર્ભ : ''બિખરે મોતી,'' ૪/૪૫)

બીમારીઓનો કુર્આની ઉપચાર
સર્વશ્રેષ્ઠ દવા

હઝરત અલી (રદિ.)થી આ મરફૂઅ્ હદીસ નકલ કરવામાં આવી છે કે, બેહતરીન દવા કુર્આન છે. (ઇબ્ને માજહ)

હઝરત વાસિલહ બિન અસ્કઅ્ (રદિ.)થી મનકૂલ છે કે, એક માણસે રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સામે પોતાના ગળામાં દર્દ થતું હોવાની શિકાયત કરી, તો આપ (સલ.)એ ફરમાવ્યું : તમે કુર્આને મજીદની તિલાવતને લાઝિમ પકડી લો. (બયહકી)

હઝરત અબૂ સઈદ (રદિ.)થી રિવાયત છે કે, એક માણસે હુઝૂરે અકદસ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મુબારક ખિદમતમાં હાજર થઈને અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.) ! મને છાતીમાં દર્દની શિકાયત છે.

આપ (સલ.)એ ફરમાવ્યું : કુર્આને મજીદ પઢો. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે : **વ શિફાઉલ્ લિમા ફિસ્સુદૂર** (અને દિલોમાં જે રોગ છે, કુર્આને મજીદ તેમના માટે શિફા છે).

(ઇબ્ને મર્દવયહ, તુહફ–એ–હુફ્ફાઝ : ૩૬૨)

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰۤى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰۤى اِبْرَاهِيْمَ وَعَلٰۤى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰۤى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰۤى اِبْرَاهِيْمَ
وَعَلٰۤى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

જિન્નાત અને આસેબના નિવારણ માટે નબવી તા'વીઝ

હઝરત ઉબય ઈબ્ને કઅબ (રદિ.) કહે છે કે, હું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે હાજર હતો, તે સમયે એક ગામડિયા માણસ આવ્યા અને તેમણે કહ્યું : હે અલ્લાહના નબી (સલ.) ! મારો એક ભાઈ છે અને તેને દર્દ છે. આપ (સલ.)એ ફરમાવ્યું : શું દર્દ છે ? તેમણે કહ્યું : જિન્નાત–આસેબ (ની અસર) છે. ફરમાવ્યું : તેને મારી પાસે લઈ આવો. તે પોતાના ભાઈને લઈ આવ્યા અને આપ (સલ.) સામે રજૂ કરી દીધા, તો આપ (સલ.)એ નીચે ટાંકેલી આયતો દ્વારા દમ ફરમાવ્યો :

(૧) સૂરએ ફાતિહા, (૨) સૂરએ બકરહની પ્રથમ ચાર આયતો (''અલિફ લામ મીમ''.....થી 'અલ મુફ્લિહૂન'' સુધી), (૩) સૂરએ બકરહની આયત નં. ૧૬૩ (વ ઈલાહુકુમ્ ઈલાહુંવ્ વાહિદુન્....), (૪) આયતુલ કુર્સી, (૫) સૂરએ બકરહની અંતિમ ત્રણ આયતો (લિલ્લાહિ મા ફિસ્સમાવાતિ..થી અંત સુધી), (૬) સૂરએ આલિ ઈમરાનની આયત નં. ૧૮ (શ–હિદલ્લાહુ અન્નહુ લા ઈલા–હ ઈલ્લા હુવ...), (૭) સૂરએ અઅ્રાફની આયત નં. ૫૪ (ઈન્ન રબ્બકુમુલ્લાહુલ્લઝી...), (૮) સૂરએ મુઅ્મિનૂનની અંતિમ ત્રણ આયતો (ફ–તઆલલ્લાહુલ્ મલિકુલ હક્કુ...), (૯) સૂરએ જિન્નની આયત નં. ૩ (વ અન્નહુ તઆલા જદુ રબ્બિના...), (૧૦) સૂરએ સાફ્ફાતની શરૂઆતની દસ આયતો (....શિહાબુન્ સાકિબુન્–સુધી), (૧૧) સૂરએ હશ્રની અંતિમ ત્રણ આયતો (હુવલ્લાહુલ્લઝી લા ઈલા–હ ઈલ્લા હુ–વ..), (૧૨) સૂરએ ઈખ્લાસ અને મુઅવ્વિઝતૈન (ત્રણ કુલ).

તે બીમાર એવી રીતે (સાજોસમો) ઊભો થઈ ગયો કે જાણે તેને કદી કોઈ બીમારી જ ન હતી.

(અલ કુર્આનુશ્શાફી : ૨૭, નિહાયહ : ૩૦, અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ ફી ' 'ઝવાઈદિલ્ મુસ્નદ'', બિ–સનદિન્ હસન, તુહ્ફ–એ–હુફ્ફાઝ : ૩૫૧, ફઝાઈલે હુફ્ફાઝે કુર્આન, ભાગ–૧, પૃષ્ઠ : ૯૮૩)

બીમારને જોવા જવાનો મહાન સવાબ !

હઝરત અનસ (રદિ.) રિવાયત કરે છે કે, જનાબ રહમતે આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : ''જ્યારે કોઈ માણસ વુઝૂ કરી પોતાના મુસ્લિમભાઈની બીમારપુર્સીએ

જાય છે અને સવાબની આશા સાથે જાય છે તો એ માણસ જહન્નમથી ૭૦,૦૦૦ (સિત્તેર હજાર) વર્ષની મુસાફરીની લંબાઈ જેટલો દૂર થઈ જાય છે.'' (અબૂ દાવૂદ)

અનિવાર્ય અકાઈદ

જગતભરના માનવીઓ જો એવી ઉમંગ ધરાવતા હોય કે, તેઓ આખિરતના સદા બાકી રહેનાર જીવનમાં પુષ્કળ રાહતો–આરામ મેળવે અને તેમણે કોઈપણ પ્રકારની તકલીફ તથા યાતનાઓનો સામનો કરવો ન પડે, તો તેમણે પોતાના જીવનમાં નીચે દર્શાવેલી માન્યતાઓ ધરાવવી પડશે અને જીવનભર આ માન્યતાઓ પર કાયમ રહેવું પડશે. મહા વિદ્વાન વ્યક્તિ તથા સદંતર અભણ વ્યક્તિ–સારાંશ કે દરેક વ્યક્તિએ આ માન્યતાઓ ગ્રહણ કરવી પડશે અને તેના પર સદા કાયમ રહેવું પડશે. જો તેઓ આ માન્યતાઓ અપનાવશે તો જ આખિરતમાં સુખ–શાંતિ પ્રાપ્ત થશે અને દોઝખના ભયંકર અઝાબોથી નજાત મળી શકશે.

૧. હું અલ્લાહ તઆલા પર ઈમાન ધરાવું છું....

૨. અને અલ્લાહ તઆલાના ફરિશ્તાઓ પર ઈમાન ધરાવું છું....

૩. અને અલ્લાહ તઆલાની કિતાબો પર ઈમાન ધરાવું છું....

૪. અને અલ્લાહ તઆલાના પયગમ્બરો પર ઈમાન ધરાવું છું....

૫. અને કિયામતના દિવસ પર ઈમાન ધરાવું છું....

૬. અને મારું સારું કે બૂરું જે કાંઇ થાય છે, તે સઘળું અલ્લાહ તઆલા તરફથી જ થાય છે, એ બાબત પર ઈમાન ધરાવું છું....

૭. અને મરવા પછી ફરીવાર સજીવન થવા પર અને મરવા પછી ફરી ઊઠવા પર (પુનરુત્થાન પર) ઈમાન ધરાવું છું....

ઈમાન : હું સાક્ષી આપું છું કે, અલ્લાહ તઆલા સિવાય બીજું કોઈ પણ ઇબાદત કરવાને પાત્ર નથી અને હું સાક્ષી આપું છું કે, હઝરત મુહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્લાહ તઆલાના રસૂલ છે. મારા દિલથી હું (આ વાતની) તસ્દીક કરું છું અને મારી જીભથી ઇકરાર કરું છું.

અલ્લાહ તઆલાએ જે ફર્ઝો મુકર્રર કર્યા છે તે ફર્ઝો અદા કરવા અને અલ્લાહ તઆલાએ જે બાબતોની મનાઈ ફરમાવી છે, તે બાબતોને ત્યજી દેવી, તે બાબતોથી રોકાઈ જવું તમામ મુસલમાનો માટે જરૂરી છે. જેમ કે, જુગાર, શરાબ, બદકારી, અન્યાય, ઝુલ્મ, લડાઈ–ઝઘડો, ચોરી, લૂંટફાટ, હરામની કમાણી, ગીબત, જૂઠ જેવાં દુર્ગુણો અને દૂષણોને સદંતર તિલાંજલિ આપી દેવી જોઈએ અને સત્ય, ન્યાય, અમાનતદારી, પરસ્પર મેળમેળાપ, સદ્‌ભાવ, સદ્‌વર્તન જેવા સદ્‌ગુણોને પોતાના જીવનમાં ઉતારવા જોઈએ...

–(મવલાના) ઇસ્માઈલ અહમદ મનુબરી (સા.–મ.ઝિ.)

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا
صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِمَا هُوَ اَهْلُهٗ

(૧) **અકીદહ**–બધી દુનિયા પહેલાં તદ્દન પેદા થઈ ન હતી. અલ્લાહ તઆલાના પેદા કરવાથી હસ્તી (વજૂદ)માં આવી.

(૨) **અકીદહ**–અલ્લાહ એક છે, તે કોઈનો ગરજવાન નથી. ન તેણે કોઈને જણ્યો, અને ન કોઈએ તેને જણ્યો. તેની કોઈ સ્ત્રી નથી. કોઈ તેના મુકાબિલનો (બરાબરિયો) નથી.

(૩) **અકીદહ**–તે હંમેશાથી છે અને હંમેશા રહેશે.

(૪) **અકીદહ**–કોઈ વસ્તુ તેના જેવી (મિસાલ) નથી. તે સર્વથી નિરાળો છે.

(૫) **અકીદહ**–તે જીવતો છે, દરેક ચીજ ઉપર તેની શક્તિ છે, કોઈ ચીજ તેની જાણ (ઈલ્મ)થી બહાર નથી, તે સર્વને જુએ છે, સાંભળે છે, બોલે છે, પણ તેનું બોલવું અમ લોકોના બોલવા સરખું નથી. તે જે ચાહે તે કરે છે, કોઈ તેને રોકટોક કરનાર નથી. તે પોતાના બંદાઓ પર મહેરબાન છે. સર્વ ઐબો–ખામીઓથી પાક છે. તે જ પોતાના બંદાઓને સર્વ આફતોથી બચાવે છે. તે જ ઈઝઝતવાળો છે. મોટાઈવાળો છે. (રિઝ્ક) રોઝી પહોંચાડનાર છે. ચાહે તેની રોઝી તંગ કરે અને ચાહે તેની કુશાદહ (વધુ) કરે. તે જેને ચાહે તેને નીચે નાખે અને ચાહે તેને ઊંચે ચઢાવે. જેને ચાહે તેને ઈઝઝત આપે, જેને ચાહે તેને ઝિલ્લત આપે. તે ન્યાયવાળો છે. તે સહનશીલતાવાળો અને બરદાશ્ત કરનાર છે. બંદગી અને ઈબાદતની કદર કરનાર છે. દુઆઓ કબૂલ કરનાર છે. તે સર્વનો હાકિમ છે, તેના ઉપર કોઈ હુકમ કરનાર નથી. તેનું કોઈ કામ ડહાપણથી ખાલી નથી, તે સૌનું કામ પાર પાડનાર

છે. તેણે જ સૌને પેદા કર્યા છે, તે જ કિયામતમાં પાછા પેદા કરશે. તે જ જીવાડે છે અને મૃત્યુ આપે છે. તેને નિશાનીઓથી તથા તેના ગુણોથી સર્વ જાણે છે. તેની ઝાતની બારીકી કોઈ જાણી શકતું નથી. તે ગુનેહગારોની તૌબા કબૂલ કરે છે. જે સજાને લાયક હોય તેને સજા આપે છે, તે જ હિદાયત કરે છે. દુનિયામાં જે કંઈ થાય છે તેના હુકમથી જ થાય છે. તેના હુકમ વગર એક રજકણ હાલી શકતી નથી. તે નથી ઊંઘતો. તે સઘળી સૃષ્ટિના સંભાળથી થાકતો નથી, તે સઘળી વસ્તુને કાબૂમાં રાખનાર છે. એવી જ રીતે સઘળી સારી સિફતો અને સંપૂર્ણ ગુણો તેને જ માટે છે અને બૂરી તથા નુકસાનની કોઈ ઐબ (દોષ) નથી.

(૬) **અકીદહ**–તેની સઘળી સિફતો (ગુણો) હંમેશાથી છે અને હંમેશા રહેશે. તેનો કોઈ ગુણ કદી મટી શકતો નથી.

(૭) **અકીદહ**–સૃષ્ટિ (મખ્લૂક)ના ગુણોથી તે પાક છે અને કુરઆન તથા હદીસમાં કેટલી જગ્યાએ એવી વાતોની ખબર આપવામાં આવી છે તેના અર્થ અલ્લાહને સોંપે કે તે જ તેની હકીકત જાણે છે, અને અમે ઊંડાણમાં ઊતર્યા વગર તેવી જ રીતે ઈમાન લાવીએ છીએ અને યકીન કરીએ છીએ કે જે કંઈ તેનો મતલબ છે તે ઠીક અને સત્ય છે અને આ જ વાત બેહતર છે અથવા તેને મળતા અર્થ કરે, જેથી તે સમજવામાં આવે.

(૮) **અકીદહ**–દુનિયામાં જે કંઈ ભલું–બુરું થાય છે તે સઘળાને તેના થવા પહેલાં અલ્લાહ તઆલા હંમેશાથી જાણે છે અને પોતાની જાણ પ્રમાણે તેને પેદા કરે છે. તકદીર છે અને ખરાબ વસ્તુના કરવામાં ઘણા ભેદ છે, જેને દરેક જાણી શકતું નથી.

(૯) **અકીદહ**–બંદાને અલ્લાહ તઆલાએ સમજ તથા

ઈરાદો આપ્યો, જેથી ગુનોહ કે સવાબનું કામ પોતાના ઈખ્તિયારથી કરે છે, પણ બંદાને કોઈ કામ પેદા કરવાની શક્તિ નથી. ગુનાહના કામથી અલ્લાહ તઆલા નારાજ થાય છે અને સવાબના કામથી ખુશ થાય છે.

(૧૦) અકીદહ—અલ્લાહ તઆલાએ બંદાઓને એવા કામોનો હુકમ ફરમાવ્યો નથી કે જે બંદાઓથી થઈ શકે નહિ.

(૧૧) અકીદહ—કોઈ વસ્તુ અલ્લાહને ઝિમ્મે અગત્યની નથી, તે જે કંઈ મહેરબાની કરે એ તેનો ફઝલ (ઉપકાર) છે.

(૧૨) અકીદહ—અલ્લાહ તઆલાએ મોકલેલા ઘણા પયગમ્બરો લોકોને સીધો માર્ગ બતાવવા આવ્યા અને તે બધા ગુનાહોથી પાક છે. તેઓની પૂરેપૂરી ગણતરી અલ્લાહની જાણમાં છે. તેઓની સચ્ચાઈ બતાવવા માટે અલ્લાહ તઆલાએ તેઓના હાથે એવી નવી નવી મુશ્કેલ વાતો જાહેર કરી, જેને બીજા લોકો કરી શકતા નથી. એવી વાતોને મુઅજિઝહ કહે છે. તેઓમાં સર્વથી પહેલા પયગમ્બર હઝરત આદમ (અલૈ.) હતા અને સર્વથી છેલ્લા હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ (સલ.) થયા અને બાકીના બીજા વચમાં થયા. તેઓમાં કેટલાક ઘણા પ્રખ્યાત છે. હઝરત નૂહ (અલૈ.), હઝરત ઈબ્રાહીમ (અલૈ.), હઝરત ઈસ્હાક (અલૈ.), હઝરત ઈસ્માઈલ (અલૈ.), હઝરત યાકૂબ (અલૈ.), હઝરત યૂસુફ (અલૈ.), હઝરત દાવૂદ (અલૈ.), હઝરત સુલયમાન (અલૈ.), હઝરત અય્યૂબ (અલૈ.), હઝરત મૂસા (અલૈ.), હઝરત હારૂન (અલૈ.), હઝરત ઝકરિય્યા (અલૈ.), હઝરત યહયા (અલૈ.), હઝરત ઈસા (અલૈ.), હઝરત ઈલ્યાસ (અલૈ.), હઝરત અલ–યસઅ (અલૈ.), હઝરત યૂનુસ (અલૈ.), હઝરત લૂત (અલૈ.), હઝરત ઈદ્રીસ (અલૈ.), હઝરત ઝુલકિફલ (અલૈ.), હઝરત સાલિહ (અલૈ.), હઝરત

હૂદ (અલૈ.), હઝરત શુએબ (અલૈ.).....

(૧૩) અકીદહ—સર્વ પયગમ્બરની ગણતરી અલ્લાહ તઆલાએ કોઈને બતાવી નથી. માટે આવી રીતે અકીદો રાખે કે અલ્લાહ તઆલાના મોકલેલા જેટલા પયગમ્બરો છે તે સર્વ ઉપર અમે ઈમાન લાવીએ છીએ. જે અમારી જાણમાં છે તેઓ પર તથા જે અમારી જાણમાં આવ્યા નથી, તેઓ ઉપર પણ ઈમાન લાવીએ છીએ.

(૧૪) અકીદહ—પયગમ્બરોમાં કેટલાકનો મરતબો કેટલાકથી મોટો છે. બધાથી મહાન મરતબો આપણા પયગમ્બર હઝરત મુહમ્મદ (સલ.)નો છે અને એમના પછી કોઈ નવો પયગમ્બર આવનાર નથી. કિયામત સુધી જેટલા માણસો અને જિન્ન પેદા થશે, આપ તે સૌના પયગમ્બર છે.

(૧૫) અકીદહ—અમારા પયગમ્બર (સલ.)ને અલ્લાહ તઆલાએ જાગતામાં જિસ્મની સાથે મક્કા મુઅઝઝમાથી બયતુલ મુકદસ અને ત્યાંથી સાતેય આસમાનો પર અને ત્યાંથી જ્યાં સુધી અલ્લાહે ચાહ્યું હતું ત્યાં પહોંચાડયા અને ફરી મક્કામાં પાછા પહોંચાડયા એને 'મેઅરાજ' કહે છે.

(૧૬) અકીદહ—અલ્લાહ તઆલાએ કેટલીક મખ્લૂક નૂરથી પેદા કરી અને તેને અમારી નિગાહોથી છુપાવી છે તેને ફરિશ્તા કહે છે. તેઓને ઘણા કામ સોંપાયા છે. તેઓ અલ્લાહના હુકમની વિરુદ્ધ કોઈ કામ કરતાં નથી. જે કામમાં લગાડેલા છે, તેમાં જ તેઓ લાગેલા છે. તેમાંના ચાર ફરિશ્તા ઘણા પ્રખ્યાત છે : હઝરત જિબ્રઈલ (અલૈ.), હઝરત મિકાઈલ (અલૈ.), હઝરત ઈસરાફીલ (અલૈ.) અને હઝરત ઈઝરાઈલ (અલૈ.). અલ્લાહ તઆલાએ કેટલીક મખલૂકને આગથી પેદા કરી છે. તે પણ અમને દેખાતી નથી, જેને જિન્ન કહે છે. તેઓમાં નેક–બદ (સારાં–નરસાં) દરેક જાતના હોય છે.

તેઓને અવલાદ પણ થાય છે. તે બધાઓમાં ઘણો પ્રખ્યાત અને શરારતવાળો ઈબ્લીસ એટલે શયતાન છે.

(૧૭) અકીદહ–મુસલમાન જયારે ઘણી ઈબાદત કરે છે અને ગુનાહોથી બચે છે અને દુનિયાની મુહબ્બત નથી રાખતો અને પયગમ્બર સાહેબ (સલ.)ની દરેક પ્રકારે સારી રીતે તાબેદારી કરે છે તો તે અલ્લાહનો દોસ્ત તથા પ્યારો થાય છે. એવા શખ્સને "વલી" કહે છે. એવા શખ્સથી કદી એવી વાતો થવા લાગે છે, જે બીજા લોકોથી થઈ શકતી નથી, એ વાતોને "કરામત" કહે છે.

(૧૮) અકીદહ–વલી ગમે તેટલા મોટા દરજે પહોંચે, પણ નબીની બરાબર થઈ શકતા નથી.

(૧૯) અકીદહ–અલ્લાહનો કેટલો પણ પ્યારો થાય, પણ જયાં સુધી હોશકોશ અને શુદ્ધિ બાકી હોય ત્યાં સુધી શરીઅતના બંધનમાં રહેવું ફર્ઝ છે. નમાઝ, રોઝા અને બીજી કોઈ બંદગી માફ થતી નથી. જે ગુનાહની વાત છે તે તેઓને માટે પણ દુરુસ્ત થતી નથી.

(૨૦) અકીદહ–જે શખ્સ શરીઅત વિરુદ્ધ હોય તે ખુદાનો દોસ્ત થઈ શકતો નથી. જો એમ છતાં તેના હાથે કોઈ આશ્ચર્યજનક વાત દેખાય તો તે જાદૂ અથવા નફસાની કે શયતાની ધંધો છે. તેનાથી અકીદો રાખવો ન જોઈએ.

(૨૧) અકીદહ–વલીઓને કેટલીક ભેદની વાતો ઊંઘમાં અથવા જાગતામાં જણાય છે તેને "કશ્ફ" તથા "ઈલ્હામ" કહે છે. જો તે શરીઅતની માફક હોય તો તે કબૂલ છે,* અને

* એનો મતલબ એ છે કે અગર તે શરીઅતની વિરુદ્ધ ન હોય તો તેના ઈનકારની જરૂરત નથી. એનો મતલબ એ નથી કે તેનું માનવું જરૂરી છે. હા, એવા ઈલ્હામને દુરુસ્ત સમજવું અને તેના પર અમલ કરવું સારું છે અને નફસાનિયતથી ઈનકાર કરવું ખરાબ છે.

શરીઅત વિરુદ્ધ હોય તો તે રદ અને બાતિલ છે.

(૨૨) **અકીદહ**—અલ્લાહે રસૂલ (સલ.)ને દીનની ઘણી વાતો કુરઆન તથા હદીસમાં બંદાઓને બતાવી છે. હવે કોઈ નવી વાત દીનમાં કાઢવી દુરુસ્ત નથી. એવી નવી વાતોને "બિદઅત" કહે છે.

(૨૩) **અકીદહ**—અલ્લાહ તઆલાએ ઘણીખરી નાની મોટી કિતાબો આસમાનથી જિબ્રઈલ (અલૈ.)ની મારફત ઘણા પયગમ્બરો ઉપર ઉતારી છે કે તેઓ પોતાની ઉમ્મતોને દીનની વાતો બતાવે. એમાંની ચાર કિતાબો પ્રખ્યાત છે : "તૌરાત હઝરત મૂસા (અલૈ.)ને મળી", "ઝબૂર હઝરત દાવૂદ (અલૈ.)ને મળી", "ઈન્જિલ હઝરત ઈસા (અલૈ.)ને મળી" અને "કુરઆને મજીદ અમારા પયગમ્બર હઝરત મુહમ્મદ (સલ.)ને મળ્યું". કુરઆને મજીદ છેલ્લી કિતાબ છે. હવે કોઈ કિતાબ આસમાનથી આવશે નહિ. કિયામત સુધી કુરઆનનો જ હુકમ ચાલુ રહેશે. બીજી કિતાબોને ગુમરાહ લોકોએ કેટલીક બદલી નાખી છે, પણ કુરઆન શરીફની સંભાળનો અલ્લાહ તઆલાએ વાયદો કર્યો છે. એને કોઈ બદલી શકતું નથી.

(૨૪) **અકીદહ**—અમારા પયગમ્બર (સલ.)ને જે જે મુસલમાનોએ જોયા તેઓને સહાબી★ કહે છે, તેઓની મોટી મોટી બુઝુર્ગીઓ (કુર્આન તથા હદીસમાં) આવેલી છે. તેઓથી મુહબ્બત તથા સારો ગુમાન રાખવો જોઈએ. તેઓના આપસના કંઈ લડાઈ—ઝઘડા સાંભળવામાં આવે તો તેને

★ પરંતુ શરત એ છે કે આપને મુસલમાન હોવાની હાલતમાં જોયા હોય અને ઈસ્લામની જ હાલતમાં મરણ પામ્યા હોય અને જેણે મુસલમાન હોવાની હાલતમાં સહાબીને જોયા અને મુસલમાન જ મર્યા હોય તે "તાબિઈ" કહેવાય છે અને જેણે મુસલમાન હોવાની હાલતમાં તાબિઈનને જોયા તે "તબ્એ તાબિઈન" છે. આ બધાઓની મોટાઈ હદીસ શરીફમાં ખાસ રીતે બયાન થઈ છે.

ભૂલચૂક સમજે, તેઓની કંઇ બુરાઇ કરે નહિ. તે સઘળાઓમાં સર્વથી મોટા દરજાના ચાર સહાબી છે. હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.). પયગમ્બર સાહેબ (સલ.) પછી તેમના સ્થાને બેઠા અને દીનનો બંદોબસ્ત કર્યો, જેથી એ પ્રથમ ખલીફા કહેવાય છે. સઘળી ઉમ્મતમાં એ સર્વથી બેહતર છે. એમના પછી હઝરત ઉમર (રદિ.) છે, એ બીજા ખલીફા છે. એમના પછી હઝરત ઉસ્માન (રદિ.) છે. તેઓ ત્રીજા ખલીફા છે. એમના પછી હઝરત અલી (રદિ.) છે. તેઓ ચોથા ખલીફા છે.

(૨૫) અકીદહ–સહાબીઓનો એટલો મોટો મરતબો છે કે મોટામાં મોટા વલી પણ નાના દરજાના સહાબીઓના મરતબાએ પહોંચી શકતા નથી.

(૨૬) અકીદહ–નબી સાહેબ (સલ.)ની અવલાદ તથા બીબીઓ દરેક સન્માનપાત્ર છે. અવલાદમાં સર્વથી મોટો મરતબો હઝરત ફાતિમા (રદિ.)નો છે અને બીબીઓમાં હઝરત ખદીજા તથા હઝરત આઇશા (રદિ.)નો છે.

(૨૭) અકીદહ–ઇમાન ત્યારે જ દુરુસ્ત થાય છે કે સઘળી વાતોમાં અલ્લાહને તથા રસૂલ (સલ.)ને સાચા જાણે અને તે સઘળાને માને. અલ્લાહ તથા રસૂલની કોઇ વાતમાં શક કરવો અથવા તેને જુઠાડવી અથવા તેમાં ઐબ કાઢવી અથવા તેની સાથે હસી મજાક કરવી–આ સઘળી વાતોથી ઇમાન જતું રહે છે.

(૨૮) અકીદહ–કુર્આન તથા હદીસના ખુલ્લેખુલ્લા મતલબને નહિ માનવો અને હેરફેર કરીને પોતાની મતલબ સિદ્ધ કરવા મતલબ ઘડવો બદદીનની (બુરા ધર્મીની) વાત છે.

(૨૯) અકીદહ–ગુનાહને હલાલ સમજવાથી ઇમાન જતું રહે છે.

(૩૦) **અકીદહ**–ગુનાહ ગમે તેટલો મોટો હોય જ્યાં સુધી એને બુરો સમજે છે ઈમાન જતું નથી, પણ કમજોર થઈ જાય છે.

(૩૧) **અકીદહ**–અલ્લાહ તઆલાથી નીડર થવું કે નાઉમ્મીદ થવું કુફ્ર છે.✷

(૩૨) **અકીદહ**–કોઈથી ગૈબની વાત પૂછવી અને તેનું યકીન કરી લેવું કુફ્ર છે.

(૩૩) **અકીદહ**–ગૈબનો હાલ અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતું નથી. હા, નબીઓને વહીથી અને સામાન્ય લોકોને નિશાનીઓ (ચિહ્નો)થી કેટલીક વાતો જણાય છે.

(૩૪) **અકીદહ**–કોઈનું નામ લઈને કાફિર કહેવું અથવા લા'નત કરવી મોટો ગુનાહ છે. હા, એમ કહી શકીએ છીએ કે "ઝાલિમના ઉપર લા'નત", "જૂઠાઓ ઉપર લા'નત", પણ જેઓના કાફિર હોવાની ખબર આપી છે, તેઓને કાફિર, મલઊન કહેવું ગુનાહ નથી.

(૩૫) **અકીદહ**–માણસના મરવા પછી જો દફન કરવામાં આવે તો જે હાલમાં હોય તેની પાસે બે ફરિશ્તા જેમાંથી એકને મુન્કર અને બીજાને નકીર કહે છે તેઓ આવીને પૂછે છે કે તારો પરવરદિગાર કોણ છે ? તારો દીન કયો છે ? હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ (સલ.) માટે પૂછે છે : આ કોણ છે ?★ અગર મય્યિત ઈમાનદાર હોય છે તો ઠીક ઠીક જવાબ આપે છે. ફરી તેના માટે સર્વ પ્રકારનું સુખ–ચેન છે. જન્નત તરફની બારી ખોલે છે, જેમાંથી ઠંડી ઠંડી હવા અને ખુશ્બૂ આવતી

✷ એટલે એમ સમજી બેસે કે આખિરતમાં મને હરગિઝ માફી મળશે નહિ.

★ "આ કોણ છે"ના સવાલ ઉપર ઉલમાના બે મત છે. પ્રથમ આ કે રસૂલુલ્લાહ (સલ.)ની સૂરત દેખાડી પૂછવામાં આવે છે અથવા તો આપની હાલત બતાવી પૂછવામાં આવે છે અને સર્વથી મજબૂત કોલ આ છે કે આપની શોહરતને લઈ મય્યિતનું ધ્યાન આપોઆપ આપના તરફ જ પહોંચે છે.

રહે છે અને તે મજામાં પડીને સૂઈ રહે છે અને જો મય્યિત બેઈમાન હોય છે તો સઘળી વાતોમાં એમ જ કહે છે કે મને કશી ખબર નથી. ફરી તેના ઉપર ઘણી સખતી અને અઝાબ કિયામત સુધી થતો રહે છે અને કેટલાકોને અલ્લાહ તઆલા આ પરીક્ષાથી માફી બખ્શે છે. "પણ આ સઘળી વાતો મડદાને જણાય છે. અમે લોકો જોતા નથી" જેવી રીતે કે સૂતેલો માણસ સ્વપ્નામાં સઘળું જુએ છે અને જાગતો માણસ તેની પાસે અજાણમાં બેસી રહે છે.

(૩૬) અકીદહ—મરવા પછી દરરોજ સવાર–સાંજ મય્યિતનું જે ઠેકાણું છે તે દેખાડવામાં આવે છે. જન્નતીને જન્નત દેખાડી ખુશખબરી આપે છે અને દોઝખીને દોઝખ દેખાડીને વધુ અફસોસમાં નાખે છે.

(૩૭) અકીદહ—મર્હૂમો માટે દુઆ કરવાથી તેમજ કંઈ ખૈર–ખયરાત બખ્શવાથી તેનો સવાબ પહોંચે છે અને તેથી તેને ઘણો ફાયદો થાય છે.

(૩૮) અકીદહ—અલ્લાહે અને રસૂલ (સલ.)એ કિયામતની જેટલી નિશાનીઓ બતાવી છે, તે સઘળી જરૂર થનારી છે. ઈમામ મેહદી (અલૈ.) જરૂર જાહેર થશે અને ઘણા ઈન્સાફ સાથે બાદશાહી કરશે. કાણિયો દજ્જાલ★ નીકળશે અને તે દુનિયામાં ઘણો ફસાદ મચાવશે. તેને મારી નાખવા માટે હઝરત ઈસા (અલૈ.) આસમાનથી ઊતરશે અને તે તેને મારી નાખશે. યાજૂજ માજૂજ ઘણા જબરદસ્ત લોકો છે, તેઓ જમીન ઉપર પથરાઈ જશે અને ઘણું તોફાન મચાવશે. ફરી અલ્લાહના કહેરથી હલાક થશે. એક "વિચિત્ર જાનવર" જમીનમાંથી નીકળશે અને તે માણસોથી વાતો કરશે. પશ્ચિમ તરફથી સૂર્ય નીકળશે. કુર્આન મજીદ ઊડી જશે અને થોડા દિવસમાં સઘળા મુસલમાનો મરી જશે અને સઘળી દુનિયા કાફિરોથી ભરાઈ જશે અને એ સિવાય બીજી ઘણી વાતો થશે.

★ દજ્જાલ યહૂદીઓમાંથી એક માણસ થશે.

(૩૯) અકીદહ–જયારે સઘળી નિશાનીઓ પૂરી થઈ જશે તો કિયામતની તૈયારી થશે. હઝરત ઈસરાફીલ (અલૈ.) અલ્લાહના હુકમથી સૂર ફૂંકશે, જે શીંગડા જેવી ઘણી મોટી વસ્તુ છે. આ સૂર ફૂંકવાથી સઘળી જમીન, આસમાન ફાટીને ટુકડે ટુકડા થઈ જશે, સઘળી મખલૂક મરી જશે અને જેઓ મરેલા છે તેઓની રૂહ બેહોશ થઈ જશે, પણ અલ્લાહ તઆલા જેને બચાવવા ચાહશે તેઓ પોતાની હાલત પર રહેશે. એક મુદ્દત આવી હાલતમાં ગુજરશે.

(૪૦) અકીદહ–ફરી જયારે અલ્લાહ તઆલાને મંજૂર હશે કે સઘળું જગત ફરી પેદા થઈ જાય ત્યારે બીજી વાર ફરી સૂર ફૂંકાશે. આથી સઘળું જગત ફરી પેદા થઈ જશે. મરેલા જીવતાં થઈ જશે અને કિયામતના મેદાનમાં સર્વ એકઠાં થઈ જશે અને ત્યાંના દુ:ખથી ગભરાઈને સર્વ પયગમ્બરો પાસે ભલામણ કરાવવા જશે. આખરે અમારા પયગમ્બર સાહેબ (સલ.) સિફારિશ કરશે. "કાંટો (ત્રાજવું) કાયમ કરવામાં આવશે. ભલા બુરા કામો તોલવામાં આવશે અને તેનો હિસાબ થશે." કેટલાક વગર હિસાબે જન્નતમાં જશે. સારા લોકોનું આ'માલનામું જમણા હાથમાં અને બુરા લોકોનું ડાબા હાથમાં અપાશે. પયગમ્બર સાહેબ (સલ.) પોતાની ઉમ્મતને "હૌઝે કૌસરનું પાણી પાશે," જે દૂધથી ઘણું ઊજળું અને મધથી ઘણું મીઠું હશે. "પુલસિરાત ઉપર ચાલવું પડશે." જેઓ નેક છે તેઓ તેથી પાર થઈ જન્નતમાં પહોંચશે અને જેઓ બુરા છે તેઓ તે ઉપરથી દોઝખમાં પડશે.

(૪૧) અકીદહ–જહન્નમ (દોઝખ) પેદા થઈ ચૂકી છે. તેમાં સાપ, વીંછી અને તરેહ તરેહનો અઝાબ છે. દોઝખીઓમાંથી જેમાં સહેજ પણ ઈમાન હશે તો તે પોતાની કરણીની સજા ભોગવી પયગમ્બરો તથા બુઝુર્ગોની ભલામણથી નીકળી જન્નતમાં જશે. ચાહે તે ગમે તેવો ગુનેહગાર હશે. "પણ જે કાફિર અને મુશ્રિક છે તે તેમાં હંમેશાં રહેશે અને તેઓને

મૌત પણ આવશે નહિ.''

(૪૨) અકીદહ—જન્નત પણ પેદા થઇ ચૂકી છે અને તેમાં તરેહ તરેહના આરામ અને નેઅમતો છે. જન્નતવાળાઓને કોઈ પ્રકારનો ડર કે ગમ હશે નહિ અને તેઓ તેમાં હંમેશા રહેશે. ન તો તેઓ ત્યાંથી નીકળશે અને ન ત્યાં મરશે.

(૪૩) અકીદહ—નાના ગુનાહ ઉપર સજા કરવાનો અથવા ગુનાહને પોતાની મહેરબાનીથી માફ કરી તદ્દન અઝાબ નહિ કરવાનો અલ્લાહ તઆલાને ઈખ્તિયાર છે (તે ચાહે તેમ કરે).

(૪૪) અકીદહ—શિર્ક અને કુફ્રનો ગુનાહ અલ્લાહ તઆલા કોઈને માફ કરતો નથી અને એ સિવાય બીજા ગુનાહ જેને ચાહશે પોતાની મહેરબાનીથી માફ કરશે.

(૪૫) અકીદહ—અલ્લાહે તથા રસૂલ (સલ.)એ જેઓનું નામ લઈને જન્નતી હોવું બતાવ્યું તેઓ સિવાય બીજા કોઈ માટે ખાતરીપૂર્વક જન્નતી હોવાનું કહી શકતા નથી. ''હા, સારી નિશાનીઓ જોઇને સારો ગુમાન રાખવો અને તેની રહમતની આશા રાખવી જરૂરી છે.''

(૪૬) અકીદહ—જન્નતમાં સર્વથી મોટી નેઅમત અલ્લાહ તઆલાનો દીદાર છે, જે જન્નતવાળાઓને નસીબ થશે. તેની લિજ્જત આગળ સઘળી નેઅમતો નજીવી લાગશે.

(૪૭) અકીદહ—દુનિયામાં જાગતાં આ આંખોથી અલ્લાહ તઆલાને કોઈએ જોયો નથી અને કોઈ જોઈ શકતું પણ નથી.

(૪૮) અકીદહ—આખી ઉંમર કોઈ ગમે તેટલો ભલો કે બુરો હોય, પણ જેવી હાલતમાં ખાતિમો (મરતાં છેલ્લો વખત) થાય છે તેને અનુસરીને તેને સારો કે બુરો બદલો મળે છે.

(૪૯) અકીદહ—આદમી આખી ઉંમરમાં જ્યારે પણ તવબહ★ કરે અથવા મુસલમાન થાય તે અલ્લાહને ત્યાં મકબૂલ છે. હા, મરતી વખતે તવબહ કે ઈમાન કબૂલ થતાં નથી.

ઈબ્લીસના મૌતનો મંઝર

અલ્લાહ તઆલાએ અલલ એલાન ફરમાવી દીધું છે કે તમામ જીવોએ મૌતની મજા ચાખવાની છે. પછી તે ઈન્સાન હોય, જિન્ન હોય કે પછી બીજા જીવ કે તે અલ્લાહના મકબૂલ ફરિશ્તા કેમ નથી ? તમામની મુકદ્દર ઉમર—ઝિંદગી પૂરી થયેથી તેના નક્કી કરેલા સમયે અને નિયત કરેલા સ્થાને મલકુલ મૌત તેનો કોળિયો બનાવી તેને મૌતની મજા ચખાડશે જ. છેલ્લે મૌતને પણ મૌતની મજા ચખાડવામાં આવશે. તે પછી મૌત શબ્દને જ ભૂંસી નાખવામાં આવશે.

શયતાન ઈબ્લીસ કે જે અલ્લાહની નાફરમાનીને કારણે મલઊન બનીને હઝરત આદમ (અલૈ.)થી પહેલો આ ધરતી ઉપર પટકાયો, જેને અલ્લાહ તઆલાએ દુનિયાના અંત સુધીની મહોલત આપી છે. આથી જ્યારે દુનિયાનો ખાતિમો થશે અને તેની મુદ્દત પૂરી થશે ત્યારે તેને પણ મૌતની મજા ચખાડવામાં આવશે ત્યારે અલ્લાહના ગેઝો—ગઝબ સાથે મૌતની મુસીબતો અને તકલીફોમાં મલકુલ મૌત તેને સપડાવશે અને તેની રૂહ કબજે કરશે. તે સમયનો મંઝર હદીસમાં વર્ણન કરવામાં આવ્યો છે, જે અત્રે પ્રસ્તુત છે. અલ્લાહના નાફરમાનનો શું અઝાબ છે ? અને અલ્લાહનો ગઝબ કેટલો સખત છે ? તે જાણીને તેની ફરમાંબરદારીમાં જ લાગી રહેવામાં ભલાઈ છે, જેથી નસીહત ગ્રહણ કરી ફરમાંબરદાર બની રહેવું જોઈએ.

હઝરત અહનફ બિન કૈફ (રદિ.) કહે છે કે હું હઝરત ઉમર (રદિ.)ની સેવામાં હાજર થવાને ઈરાદે મદીના મુનવ્વરહમાં હાજર થયો. હું જોઉં છું કે એક મોટું ટોળું

વળેલું છે અને હઝરત કઅબે અહબાર (રદિ.) તે લોકોને હદીસ સંભળાવી રહ્યા છે. ફરમાવી રહ્યા હતા કે જ્યારે આદમ (અલૈ.)ના મૌતનો સમય નજીક આવ્યો ત્યારે કહેવા લાગ્યા, યા અલ્લાહ ! મને મરેલો જોઈને મારો દુશ્મન ખુશીઓ મનાવશે કે જેને એક તવીલ સમયની મહોલત મળેલી છે. જવાબ આવ્યો, હે આદમ ! તું જન્નતમાં ચાલ્યો જઈશ અને તે શયતાન મલઊન તેની મુદ્દત પૂરી થતાં સુધી બાકી રહેશે અને તેને શરૂઆતથી અંત સુધીના માનવ મૌતની કુલ સંખ્યાના બરાબર તેને તકલીફ ઉઠાવવી પડશે. હઝરત આદમ (અલૈ.)એ મલકુલ મૌતને કહ્યું કે શયતાનના મૌતની કોઈ ઝલક બતાવો. જ્યારે મલકુલ મૌતે ઈબ્લીસના મૌતની ઝલક બતાવવી શરૂ કરી તો હઝરત આદમ (અલૈ.) ....રબ્બી હસ્બી... હસ્બી... અય અલ્લાહ ! બસ, આટલું પૂરતું છે, પુકારી ઊઠયા. આ સાંભળી ટોળે વળેલા લોકો કહેવા લાગ્યા : હે અબૂ ઈસ્હાક ! અલ્લાહ તમારા ઉપર રહમ કરે. જરા તે ઝલક અમને સંભળાવો. તેઓએ ના પાડી, પણ લોકોએ સામૂહિક તકાઝો કર્યો તો ફરમાવવા લાગ્યા કે જ્યારે દુનિયામાં અંતનો સમય આવશે અને સૂર ફૂંકવાનો સમય નજદીક આવી જશે ત્યારે લોકો વેપાર–ધંધામાં, ખરીદ–વેચાણમાં, લડવા–ઝઘડવામાં અને વાતો કરવામાં મશગૂલ હશે અને એક ભયંકર ધડાકો થશે, જેની ભયાનકતાથી સૃષ્ટિ ઉપરના જીવોનો અડધો ભાગ બેહોશ થઈ જશે, જે ત્રણ દિવસ સુધી ભાનમાં આવશે નહિ. બાકીના અડધા જીવો હોશ–હવાસ ખોઈ બેસશે અને શૂન્યમનષ્ક બની ઊભા ને ઊભા રહી જશે. જેમ કે બકરી તેની સામે વાઘ જોઈને હૈબતમાં આવી ઊભી રહી જાય છે. તે સમયે વીજળીના કડાકાની માફક એક અસહ્ય કડાકો સંભળાશે, જેની કડકથી સમગ્ર ધરતી પર કોઈ જ બાકી રહેશે નહિ. સમગ્ર દુનિયા ખતમ થઈ જશે. જિન્ન–ઈન્સાન, શયતાન અને બીજા તમામ જીવ ખતમ થઈ જશે. આ હતી તેની મહોલત કે જે

શયતાન અને અલ્લાહ વચ્ચે નક્કી થઇ હતી. પછી અલ્લાહ પાક મલકુલ મૌતને ફરમાવશે કે મેં તારા માટે શરૂઆતથી તે અંત સુધીની સંખ્યાના પ્રમાણે મદદગાર પેદા ફરમાવ્યા અને તમામ જમીનવાળા અને આસમાનવાળાના બરાબર તાકાત ફક્ત તારામાં પેદા ફરમાવી, આજે હું તને ગેઝો–ગઝબનો નક્કી કરેલો લિબાસ પહેરાવીને મારા જલાલ અને ગઝબની સાથે મરદૂદો–મલઊન ઇબ્લીસના તરફ મોકલી રહ્યો છું. આજે તેને મૌતની મઝા ચખાડ. શરૂઆતથી તે અંત સુધીના ઇન્સાનો અને જિન્નોના મૌતની તમામ સખતીઓ, બલકે તેનાથીયે કંઇ ઘણી વધીને તલ્ખીઓ તેના ઉપર નાંખ અને ફરિશ્તાએ જબનિય્યહમાંથી સિત્તેર હજારને સાથે લઇ જા, જે તમામ ગેઝો– ગઝબથી ભરપૂર હોય. દરેકની પાસે ભડકતી ને લપકતી જ્વાળાઓ ધરાવતી ઝંજીરોમાંથી એક એક ઝંજીર દરેકનાં હાથમાં હોય અને તેવી જ ધગધગતી શોલા ભડકતી કંડીલો સાથે. તેની ગંદી અને દુર્ગંધ મારતી રૂહને બહાર ખેંચી કાઢો અને દોઝખના સરદાર–માલિકને કહો કે દોઝખના દરવાજા ખોલી નાંખે, જેથી મલકુલ મૌત તેની સામે એવી ભયાનક મુદ્રામાં આવશે કે જો જમીનવાળાઓ અને આસમાનવાળાઓ તેને જોઇ લે તો શીશું જેમ પીગળે છે તેમ પીગળી જાય. મલકુલ મૌત જ્યારે તેની પાસે પહોંચશે અને તેને ધમકાવશે ત્યારે તે બેહોશ થઇ જશે અને તેનાં નસ્કોરાં એવા ભયંકર ગર્જવા લાગશે કે પૂર્વથી પશ્ચિમ જરા થોભી જા. આજે તેને હું એટલા લોકોનાં મૌતની સંખ્યાના બરાબર મૌતની સખતી ચખાડીશ કે જેટલાઓને તેં ભટકાવી દીધા. કેવી ઉંમર હતી કે જે તેને મળી. અગણિત જમાનાના લોકોને તેં ગુમરાહ કર્યા. કેટલા તારા સાથી છે, જે જહન્નમમાં પડયા પડયા તારા અંતની રાહ જોઇ રહ્યા છે. આ તે જ સમય છે કે જે તારા રબ અને તારી વચ્ચે નક્કી થયેલો હતો. હવે તું દોડીને ક્યાં જઇ રહ્યો છે ? ઇબ્લીસ પૂર્વની દિશામાં દોડશે, પરંતુ

મલકુલ મૌતને તેની સામે જ જોશે. તે દરિયામાં ડૂબકી મારશે, પણ દરિયો તેને સ્વીકારશે નહિ. બહાર ફેંકી દેશે ત્યારે પણ મલકુલ મૌત સામે જ જોશે. મતલબ કે પૂરી ધરતી ઉપર નાસભાગ કરશે, પણ કોઇ રક્ષણ મળશે નહિ અને મૌતથી છૂટકારો મળશે નહિ. ત્યારે જમીન ઉપર તે જગાએ પહોંચી ઊભો રહી જશે કે જ્યાં હઝરત આદમ (અલૈ.)ની કબર છે અને કહેશે, અય આદમ ! હું તારા કારણે મલઊન થયો અને મરદૂદ બન્યો. કાશ ! તું પેદા જ ન થયો હોત. પછી મલઊન મૌતને કહેશે, તું મને કયા પ્યાલાથી પિવડાવવા માંગે છે ? મતલબ કે મને કયા પ્રકારના અઝાબમાં સપડાવીને મારી રૂહ કબજે કરવા ઇચ્છે છે ? મલકુલ મૌત કહેશે : અહલે નઝીના પ્યાલાથી. અહલે નારના અઝાબની માફક સહલે સકરના પ્યાલાથી, અહલે જહન્નમના પ્યાલાથી, બલકે એનાથીએ કંઇ વિશેષ વધીને સખતીઓ અને તલ્ખીઓની સાથે (અહલે નઝર, સકર અને જહન્નમ એ દોઝખના તબકા છે.) ત્યારે શયતાન મલઊન માટીમાં આળોટશે અને પૂર્વથી પશ્ચિમ અને પશ્ચિમથી પૂર્વમાં દોડ લગાવશે. દોડતો દોડતો ત્યાં પહોંચશે કે જ્યાં મલઊન મરદૂદ થઇને પડયો હતો ત્યાં ફરિશ્તાઓ સિત્તેર હજાર સાંકળો લગાવીને ઊભા હશે. તે જગા (જમીન) ધગધગતી ભઠ્ઠીની માફક હશે. ફરિશ્તાઓ ચારેય તરફથી તેને ઘેરી લેશે. ભડકતી અને લપકતી ઝંજીરો અને કંડીલોથી તેને દામ દેતા રહેશે. ત્યાં સુધી કે અલ્લાહને મંજૂર હશે ત્યાં સુધી અઝાબ ભોગવતો રહેશે. ત્યારે આદમ (અલૈ.)ને કહેવામાં આવશે કે તમારા દુશ્મનને એક નજર કરી જોઇ લો અને તે સખતી અને અઝાબ પણ જોઇ લો કે જેમાં તે ફસાયેલો છે. ત્યારે તે બંને એકી અવાજે બોલી ઊઠશે કે અય અમારા પરવરદિગાર ! તેં અમારી ઉપરના એહસાનની હદ કરી નાંખી છે.

(તબ્લીગ માસિક, સપ્ટેમ્બર–૨૦૦૩)

મહાન ફઝીલત

સહાબએ કિરામ (રદિ.)ની એક (આખી) જમાઅત દ્વારા રિવાયત છે, એમણે બયાન કર્યું છે કે, એક વાર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મસ્જિદમાં બિરાજમાન હતા. એ સમયે એક ગામડિયા માણસ આપ (સલ.)ની પાસે આવ્યા અને એમણે કહ્યું : અસ્સલામુ અલયકુમ, હે ઈઝઝતવાન, ઉચ્ચતમ અને દયાવાન ઝાત ! હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તેમને પોતાની અને હઝરત અબૂ બક્ર (રદિ.)ની વચ્ચે બેસાડયા. હઝરત અબૂ બક્ર (રદિ.)એ અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ.) ! આપ આ વ્યક્તિને મારી અને આપની વચ્ચે બેસાડો છો, હાલાંકે મારી જાણકારી અનુસાર પૃથ્વીના પટ પર આપ (સલ.)ને મારાથી વધુ કોઈ પ્રિય અને અઝીઝ નથી.

આપ (સલ.)એ ફરમાવ્યું : મને (હઝરત) જિબ્રીલ (અલૈ.)એ ખબર દીધી છે કે, આ વ્યક્તિ મારા પર એવું દુરૂદ મોકલે છે કે આથી પહેલાં મારા પર કોઈએ એવું દુરૂદ મોકલ્યું નથી. હઝરત અબૂ બક્ર (રદિ.)એ પૂછયું : તે (શું કહે છે અને) કેવી રીતે કહે છે ? આપ (સલ.)એ ફરમાવ્યું : તે (આ પ્રમાણે) કહે છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ ફિલ્અવ્વલી-ન વલ્આખિરી-ન વ ફિલ્મ-લ-ઈલ્ અઅ્લા ઈલા યવ્મિદ્દીન.

હઝરત અબૂ બક્ર (રદિ.)એ કહ્યું : યા રસૂલલ્લાહ (સલ.) ! આપ મને આ દુરૂદના સવાબથી માહિતગાર ફરમાવી દો.

આપ (સલ.)એ ફરમાવ્યું : જો બધા જ સમંદર રોશનાઈ (શાહી) બની જાય અને બધાં જ વૃક્ષો કલમ બની જાય અને સઘળા ફરિશ્તા લખનારા (લહિયા) બની જાય, તો (સમગ્ર) રોશનાઈ ખતમ થઈ જાય અને (બધી જ) કલમો તૂટી જાય, તો પણ આ દુરૂદના સવાબને આંબી કે પહોંચી શકશે નહિ (આ દુરૂદનો હકીકી સવાબ તો અલ્લાહ તઆલા જ લખી શકશે–અર્પણ કરશે). (નુઝહતુલ્ મજાલિસ : ભાગ–૨, પેજ : ૨૦૯)

દોઝખથી લગભગ ૩૫૦૦ (પાંત્રીસ સો) વર્ષ દૂર રાખનાર આ'માલ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો :

"જે માણસે પોતાના (મુસલમાન) ભાઈને એટલું ખાણું ખવરાવ્યું કે તેને તૃપ્ત કરી દીધો–ધરવી દીધો (એટલે કે તેને ભરપેટ ખવરાવી દીધું) અને તેને એટલું પાણી પિવરાવ્યું કે તેની તરસ છિપાવી દીધી તો અલ્લાહ તઆલા તેને દોઝખથી સાત ખંદકો (જેટલે) દૂર કરી આપશે. એ (ખંદકો પૈકી) પ્રત્યેક બે ખંદકોની વચ્ચે ૫૦૦ (પાંચ સો) વર્ષ જેટલું અંતર હશે."(તબરાની, અબુશૈખ, હાકિમ વ કા–લ સહીહુલ અસ્નાદ, સંદર્ભ : રહમતકે ખઝાને : ૨૪૬)

૭૫૦૦૦ (પંચોતેર હજાર) ફરિશ્તાઓની દુઆએ રહમત

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) અને હઝરત અબૂ

હુરય્રહ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જો કોઈ માણસ પોતાના ભાઈની જરૂરતમાં (એટલા માટે) ચાલે કે એનું કામ બની જાય, તો અલ્લાહ તઆલા એના માટે પંચોતેર હજાર ફરિશ્તાઓ નિયુક્ત ફરમાવી દે છે, જે તેના માટે રહમતની દુઆ કરતા રહે છે. જો સવારે ચાલે છે તો સાંજ સુધી અને સાંજે ચાલે છે તો સવાર સુધી (તેના હકમાં રહમતની દુઆ કરતા રહે છે). ઉપરાંત, તેના દરેક કદમ પર એક ગુનાહ માફ કરી દેવામાં આવે છે અને એક દરજ્જો બુલંદ કરવામાં આવે છે. (ઇબ્ને હિબ્બાન, તરગીબ : ૩/૩૯૨, સંદર્ભ : દેહાત વ કસબાતમેં પેશ આનેવાલે મસાઈલ વ અહકામ : ૬૧)

સુબ્હાનલ્લાહ, કોઈ મુસલમાન ભાઈની જરૂરતને પરિપૂર્ણ કરવા માટે બે–ત્રણ કદમ ઉઠાવવા બદલ કેટલો મોંટો સવાબ મળે છે; પરંતુ આજે આપણો માહોલ અને સમાજ એટલો બધો સ્વાર્થી અને સ્વકેન્દ્રી બની ગયો છે કે, કોઈ સામાન્ય માણસ યા ગરીબ વ્યક્તિ યા જેની સાથે ઊંડો સંબંધ ન હોય તેવી વ્યક્તિની સહાય અને મદદ માટે સાથે ચાલવાને શરમજનક અને અપમાનજનક મહસૂસ કરે છે !

જાન, માલ, અવલાદ અને દરેક પ્રકારની નેઅમતોને આફતોથી મહફૂઝ રાખવાનો અમલ

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદા પર પત્ની, માલ અથવા અવલાદનું ઈન્આમ ફરમાવે અને તે વ્યક્તિ એના પર **"માશાઅલ્લાહુ લા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહ"** પઢે, તો તે વ્યક્તિ એ ઈન્આમમાં મૌત સિવાય બીજી કોઈપણ આફત જોવા પામશે નહિ.
(બયહકી ફિદઅ્વાત, ફઝાઈલે હુફ્ફાઝે કુર્આન : ૯૮૮, અલ્ કુર્આનુશ્શાફી : ૮૪)

દુરૂદની બરકતથી મળ્યું નબવી સન્માન

''શિફા''માં વર્ણન કરાયું છે કે હુઝૂરે અકૃદસ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને સિદ્દીકે અકબર (રદિ.)ની વચ્ચે કોઈ બેસેલું ન હતું. એક દિવસે એક માણસ આવ્યા તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ એમને પોતાના અને સિદ્દીકે અકબર (રદિ.)ના દરમિયાન બેસાડયા. સહાબએ કિરામ (રદિ.)ને આ બનાવથી આશ્ચર્ય થયું. જ્યારે તે માણસ ચાલ્યા ગયા તો હુઝૂરે અક્રમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ સહાબએ કિરામ (રદિ.)ને ફરમાવ્યું : આ માણસ મારી ઉપર આ પ્રમાણે દુરૂદ પઢે છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا تُحِبُّ وَتَرْضٰى لَهٗ ط

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ કમા તુહિબ્બુ વ તર્દા લહૂ. (અલ્ કવ્લુલ્ બદીઅ : ૪૭)

દુરૂદે તુન્જીના

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ صَلٰوةً
تُنْجِيْنَا بِهَا مِنْ جَمِيْعِ الْاَهْوَالِ وَالْاٰفَاتِ
وَتَقْضِىْ لَنَا بِهَا جَمِيْعَ الْحَاجَاتِ وَتُطَهِّرُنَا
بِهَا مِنْ جَمِيْعِ السَّيِّئَاتِ وَتَرْفَعُنَا بِهَا اَعْلٰى
الدَّرَجَاتِ وَتُبَلِّغُنَا بِهَا اَقْصَى الْغَايَاتِ

مِنْ جَمِيْعِ الْخَيْرَاتِ فِي الْحَيٰوةِ وَبَعْدَ الْمَمَاتِ
اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

"દુરૂદે તુન્જીના"નું પઠન–વિર્દ વારંવાર કરવાથી, તેને ઘરમાં રાખવાથી–લટકાવવાથી બધા જ પ્રકારની બીમારી–પ્લેગ, કોલેરા અને એવી અનેક પ્રકારની બીમારીઓ માટે ઘણું જ ફાયદાકારક છે તેમજ દિલને ઘણું જ સુકૂન–શાંતિ અર્પણ કરનાર છે. (રૂહુલ મઆની : ૭/૨૩૫).

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ

સવારી–વાહન પર સવાર થતી વખતે પઢવાની દુઆ અને દુરૂદ

હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ જાનવર પર (અથવા કોઈ સવારી પર) સવાર થાય અને આ (નીચે જણાવેલા કલિમાત) પઢી લે તો તે જાનવર (યા સવારી)

કહે છે : અલ્લાહ તને બરકત અતા ફરમાવે, (કારણ કે) તેં મારી પીઠને (દુઆની અસરથી) હલકી કરી અને પોતાના પરવરદિગારની ઈતાઅત કરી અને પોતાના નફસ પર ઉપકાર કર્યો, અલ્લાહ તઆલા તારી સફરમાં બરકત અતા ફરમાવે અને તારા મકસદને પૂરો ફરમાવે :

بِسْمِ اللّٰهِ الَّذِیْ لَا یَضُرُّ مَعَ اِسْمِهٖ شَیْءٌ سُبْحَانَهٗ لَیْسَ لَهٗ مُسَمًّی ط سُبْحَانَ الَّذِیْ سَخَّرَلَنَا هٰذَا وَمَا كُنَّا لَهٗ مُقْرِنِیْنَ ط وَاِنَّا اِلٰی رَبِّنَا لَمُنْقَلِبُوْنَ ط وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِیْنَ ط وَصَلَّی اللّٰهُ عَلٰی مُحَمَّدٍ وَّعَلَیْهِ السَّلَامُ ط

બિસ્મિલ્લાહિલ્લઝા લા યદુરું મઅસ્મિહી શયઉન્, સુબ્હા-નહૂ લય્સ લહૂ મુસમ્મા. સુબ્હાનલ્લઝી સખ્ખ-ર લના હાઝા વમા કુન્ના લહૂ મુક્‌રિની-ન, વ ઈન્ના ઈલા રબ્બિના લ-મુન્કલિબૂ-ન, વલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ્ આલમીન.... વ સલ્લલ્લાહુ અલા મુહમ્મદિંવ્ વ અલય્હિસ્સલામ. (તબરાની, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૨૦૮)

સૂતી વખતે પઢવાનું દુરૂદ

હઝરત અબૂ કરસાફહ કનાનીથી રિવાયત છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ (સૂવા માટે) બિસ્તર પર આવે, પછી સૂરએ તબારકલ્લઝી.... પઢે. ત્યાર બાદ ચાર વખત આ (નીચે દર્શાવેલું) દુરૂદ શરીફ પઢે, તો અલ્લાહ તઆલા બે ફરિશ્તાઓને નિયુક્ત ફરમાવી

દે છે, જે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે એને લઈને હાજર થાય છે અને કહે છે કે, ફલાણી વ્યક્તિએ આપને સલામ મોકલ્યા છે. તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે : મારા તરફથી પણ એ ફલાણી વ્યક્તિ પર સલામ, રહમત અને બરકત થાય :

اَللّٰهُمَّ رَبَّ الْحِلِّ وَالْحَرَامِ وَرَبَّ الرُّكْنِ وَالْمَقَامِ وَرَبَّ الْمَشْعَرِ الْحَرَامِ بِحَقِّ كُلِّ اٰيَةٍ اَنْزَلْتَهَا فِيْ شَهْرِ رَمَضَانَ بَلِّغْ رُوْحَ مُحَمَّدٍ تَحِيَّةً وَّسَلَامًاط

અલ્લાહુમ્મ રબ્બલ્ હિલ્લિ વલ્હરામિ, વ રબ્બર્રુક્નિ વલ્મકામિ, વ રબ્બલ્ મશ્અરિલ્ હરામિ, બિ-હક્કિ કુલ્લિ આ-યતિન્ અન્ઝલ્તહા ફી શહ્રિ રમઝા-ન, બલ્લિગ્ રૂ-હ મુહમ્મદિન્ તહિય્યતંવ્ વ સલામા.

(અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૩૦૭)

દુરૂદ પઢવા બદલ નબવી ઈકરામ

અબૂ મૂસા મદીની અને ઈબ્ને સઅદે પોતાની સનદથી બયાન કર્યું છે કે મુહમ્મદ ઉમર (રહ.)એ કહ્યું કે હું હઝરત અબૂ બક્ર ઈબ્ને મુજાહિદ (રહ.)ની ખિદમતમાં બેઠેલો હતો ત્યારે એમની પાસે શિબ્લી (રહ.) આવ્યા. હઝરત અબૂ બક્ર ઈબ્ને મુજાહિદ (રહ.) ઊભા થઈ ગયા અને એમનાથી મુઆનકહ (આલિંગન) કર્યો તથા એમની પેશાની ચૂમી લીધી. મેં કહ્યું : મારા આકા ! આપે શિબ્લી સાથે આવો સુંદર વર્તાવ કર્યો, હાલાંકે આપ અને તમામ બગદાદવાળાઓ

એમને મજનૂન (પાગલ) કહો છો. એમણે કહ્યું : મેં એમની સાથે એવો જ (સુંદર અને ઇકરામભર્યો વર્તાવ) કર્યો, જેવો કે હુઝૂરે અક્રમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને એમની સાથે વર્તાવ કરતા જોયા છે. જેમ કે મેં રસૂલે અક્રમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ખ્વાબમાં જોયા કે આપે શિબ્લી (રહ.)ની પેશાનીને ચૂમી લીધી. મેં અરજ કરી : હે અલ્લાહના રસૂલ (સલ.) ! આપ શિબ્લી સાથે આવો વર્તાવ કરો છો ? આપ.(સલ.)એ ફરમાવ્યું : આ (શિબ્લી) દરેક નમાઝ પછી આ આયત પઢે છે :

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿۱۲۸﴾ فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِيَ اللّٰهُ ۖ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۭ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ﴿۱۲۹﴾ (التوبۃ۹:۱۲۸-۱۲۹،پارہ۱۲)

લકદ્ જાઅકુમ્ રસૂલુમ્ મિન્ અન્ફુસિકુમ્ અઝીઝુન્ અલય્હિ મા અનિત્તુમ્ હરીસુન્ અલય્કુમ્ બિલ્મુઅ્મિની-ન રઊફુર્રહીમ. ફઇન્ તવલ્લવ્ ફ-કુલ્ હસ્બિયલ્લાહ. લા ઇલા-હ ઇલ્લા હુ-વ અલય્હિ તવક્કલ્તુ વ હુ-વ રબ્બુલ્ અર્શિલ્ અઝીમ.

પછી ત્રણ વાર આ (૬૩૬) પઢે છે :

صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا مُحَمَّدُ ۭ

સલ્લલ્લાહુ અલય્ક યા મુહમ્મદ.

જ્યારે મેં શિબ્લી (રહ.)ને આ વિશે પૂછયું તો એમણે આ જ પ્રમાણે જણાવ્યું. (જિલાઉલ્ ઇફ્હામ : ૨૪૧, અલ્ કવ્લુલ્ બદીઅ્ : ૧૬૮)

દુરૂદે ઈમામ શાફઈ (રહ.)

ઈમામ બયહકી (રહ.)એ અબુલ હસન શાફઈ (રહ.)થી એમનો પોતાનો ખ્વાબ નકલ કર્યો છે. તેઓ કહે છે કે મેં હુઝૂરે અકૂદસ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખ્વાબમાં ઝિયારત કરી તો મેં હુઝૂરે અકૂરમ સલ્લલ્લાહુ અલૈયહિ વ સલ્લમને પૂછયું : યા રસૂલલ્લાહ (સલ.) ! ઈમામ શાફઈ (રહ.)એ પોતાના રિસાલામાં જે દુરૂદ લખ્યું છે, તેનો આપ (સલ.) તરફથી એમને શું બદલો આપવામાં આવ્યો છે ? હુઝૂરે અકૂરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : મારા તરફથી આ બદલો આપવામાં આવ્યો છે કે તેમને હિસાબ માટે રોકવામાં નહિ આવે. તે દુરૂદ આ પ્રમાણે છે :

صَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ كُلَّمَا ذَكَرَهُ الذَّاكِرُوْنَ
وَغَفَلَ عَنْ ذِكْرِهِ الْغَافِلُوْنَ ط

દરિયાઈ સફરમાં હિફાઝત માટેનું તથા દીની અને દુન્યવી વેદનાઓ અને વિટંબણાઓમાં કામિયાબી માટેનું મહા અકસીર દુરૂદ શરીફ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ صَلَاةً تُنْجِيْنَا بِهَا مِنْ
جَمِيْعِ الْاَهْوَالِ وَالْاٰفَاتِ ط وَتَقْضِيْ لَنَا بِهَا
جَمِيْعَ الْحَاجَاتِ ط وَتُطَهِّرُنَا بِهَا مِنْ جَمِيْعِ
السَّيِّئَاتِ ط وَتَرْفَعُنَا بِهَا عِنْدَكَ اَعْلَى الدَّرَجَاتِ ط

وَتُبَلِّغُنَا بِهَا اَقْصَى الْغَايَاتِ ط مِنْ جَمِيْعِ الْخَيْرَاتِ فِى الْحَيٰوةِ وَبَعْدَ الْمَمَاتِ ط اِنَّكَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ط

ફઝીલત : આ દુરૂદ શરીફ દરિયાઈ સફરની તમામ આફતોથી છૂટકારા માટેનું અજીબ અનુભવસિદ્ધ (મુજર્રબ) દુરૂદ છે. ઉપરાંત, કોઈ પણ દીની કે દુન્યવી અહમ અને મુશ્કેલ કામમાં ભરપૂર કામિયાબી મેળવવા માટે આ દુરૂદ શરીફ ઘણું જ અકસીર અને કારગર નીવડે છે તથા દરેક પ્રકારના રંજ–ગમ અને પરેશાનીને દૂર કરે છે. આ દુરૂદ બુઝુર્ગોનું અત્યંત મુજર્રબ (અનુભવસિદ્ધ) છે.

આ દુરૂદ શરીફ પઢવાનો તરીકો આ છે કે ઈશાની નમાઝ પછી બે રકા'ત નફલ, નમાઝે હાજતની નિય્યતે પઢે. દરેક રકા'તમાં સૂરએ ફાતિહા પછી ૧૧ (અગિયાર) વાર સૂરએ ઈખ્લાસ પઢે અને સલામ ફેરવ્યા પછી ૧૦૦ (એક સો) વાર આ દુરૂદ શરીફ પઢીને પોતાની હાજત અલ્લાહ તઆલાની હુઝૂર પેશ કરે. ઈન્શા અલ્લાહ, બહુ જલદી હાજત પૂરી થશે અને અસંભવિત જણાતું કામ અલ્લાહ તઆલા ગૈબથી કરી આપશે. ઉપરાંત, આ દુરૂદ શરીફને પઢનારો કદાપિ બદબખ્ત લેખાશે નહિ. (ઝરીઅતુલ વુસૂલ....૧૪૧)

સલામના શબ્દો

اَلتَّحِيَّاتُ الطَّيِّبَاتُ الصَّلَوَاتُ الزَّاكِيَاتُ لِلّٰهِ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُ اللّٰهِ وَرَسُوْلُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِىُّ وَرَحْمَةُ اللّٰهِ

وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ ط

اَلتَّحِيَّاتُ لِلّٰهِ الصَّلَوَاتُ الطَّيِّبَاتُ، اَلسَّلَامُ عَلَيْكَ، اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

اَلتَّحِيَّاتُ الصَّلَوَاتُ لِلّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ ط

اَلتَّحِيَّاتُ الْمُبَارَكَاتُ الصَّلَوَاتُ الطَّيِّبَاتُ لِلّٰهِ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ، اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ ط

بِسْمِ اللّٰهِ وَالسَّلَامُ عَلٰى رَسُوْلِ اللّٰهِ ط

● ● ●

સંતાન-પ્રાપ્તિ માટે

أَعُوذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ط بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
اَلَّذِىْٓ اَحْسَنَ كُلَّ شَىْءٍ خَلَقَهٗ وَبَدَاَ خَلْقَ الْاِنْسَانِ مِنْ
طِيْنٍ ۚ ﴿٧﴾ ثُمَّ جَعَلَ نَسْلَهٗ مِنْ سُلٰلَةٍ مِّنْ مَّآءٍ مَّهِيْنٍ ۚ ﴿٨﴾ ثُمَّ
سَوّٰىهُ وَنَفَخَ فِيْهِ مِنْ رُّوْحِهٖ وَجَعَلَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ
وَالْاَفْـِٕدَةَ ط قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ﴿٩﴾ (السجدة ۳۲: ۷ تا ۹، پارہ ۲۱)

અલ્લઝી અહ્સ-ન કુલ્લ શય્ઈન્ ખ-લ-કહૂ વ બ-દ-અ ખલ્કલ્ ઈન્સાનિ મિન્ તિન. ષુમ્મ જ-અ-લ નસ્લહૂ મિન્ સુલાલતિમ્ મિમ્માઈમૂ મહીન. ષુમ્મ સવ્વાહુ વ ન-ફ-ખ ફીહિ મિરૂહિહી વ જ-અ-લ લકુમુસ્સમ્અ વલ્ અબ્સા-ર વલ્ અફ્ઈદહ. કલીલમ્ મા તશ્કુરૂન.

(સૂરએ સિજ્દહ : ૭ થી ૯)

[**અર્થ** : તેણે જે પણ વસ્તુ બનાવી છે તે સૌને ઘણી જ સરસ બનાવી અને તેણે ગારાથી માનવીના સર્જનની શરૂઆત કરી. પછી તેની નસલને સત્ત્વ કાઢેલા તુચ્છ પાણીથી બનાવી, પછી તેને પૂર્ણ કર્યો અને તેની અંદર પોતાની રૂહ ફૂંકી દીધી અને તેમને કાન અને આંખો અને દિલ આપ્યાં, (પણ) તમે બહુ થોડો શુક્ર કરો છો.]

ફઝીલત : જો કોઈ વ્યક્તિ અવલાદની નેઅમતથી મહરૂમ હોય તો તે અલ્લાહ પર ભરોસો રાખી પુષ્કળ પ્રમાણમાં આ આયતનો વિર્દ કરે.

અવયવોની હિફાઝત માટે

أَعُوذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ ط بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
فَاَقِمْ وَجْهَكَ لِلدِّيْنِ حَنِيْفًا ط فِطْرَتَ اللّٰهِ الَّتِيْ فَطَرَ النَّاسَ
عَلَيْهَا ط لَا تَبْدِيْلَ لِخَلْقِ اللّٰهِ ط ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ ق وَلٰكِنَّ
اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٣٠﴾ (سورۃ الروم ٣٠:٣٠، پارہ ٢١)

ફ-અકિમ્ વજ્હ-ક લિદ્દીનિ હનીફા. ફિત્રતલ્લાહિલ્લતી ફ-ત-રન્ના-સ અલય્હા. લા તબ્દી-લ લિ-ખલ્કિલ્લાહ. ઝાલિકદ્દીનુલ્ કય્યિમ્. વલાકિન્ન અક્ષરન્નાસિ લા યઅ્લમૂન. (સૂરએ રૂમ : ૩૦)

[**અર્થ** : માટે (હે નબી સલ. !) આપ એકાગ્ર થઈને પોતાનું મુખ આ દીનની તરફ રાખી કાયમ થઈ જાવ, એ ફિતરત પર જેના પર અલ્લાહે ઈન્સાનોને પેદા કર્યા છે. અલ્લાહની સર્જિત વસ્તુને બદલવી જોઈએ નહિ. આ જ સાચો દીન છે, પરંતુ ઘણા લોકો સમજતા નથી.]

ફઝીલત : જે માણસ એવું ચાહતો હોય કે એના તમામ અવયવો જીવનભર દુરુસ્ત અને તંદુરસ્ત રહે તો તેણે આ આયતને દરરોજ ત્રણવાર પઢીને પોતાના બદન પર દમ કરવો જોઈએ.

(આગળ–પાછળ દુરૂદ શરીફ અવશ્ય પઢવું.)

પ્રસૂતિની આસાની માટેનો અમલ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી મવકૂફન્

રિવાયત છે કે આપે ઈર્શાદ ફરમાવ્યો : જે સ્ત્રી માટે બાળકની પ્રસૂતિ (સુવાવડ) મુશ્કેલ થઇ પડે, તો તેને નીચે દર્શાવેલા કલિમાત અને આયાતને કોઇ કાગળ પર લખી ઘોળીને પિવડાવવામાં આવે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝

لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَلِيْمُ الْكَرِيْمُ ط سُبْحَانَ اللّٰهِ وَتَعَالٰى رَبِّ الْعَرْشِ الْعَظِيْمِ ط اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝ لا كَاَنَّهُمْ يَوْمَ يَرَوْنَهَا لَمْ يَلْبَثُوْٓا اِلَّا عَشِيَّةً اَوْ ضُحٰىهَا ۝٤٦ كَاَنَّهُمْ يَوْمَ يَرَوْنَ مَا يُوْعَدُوْنَ لا لَمْ يَلْبَثُوْٓا اِلَّا سَاعَةً مِّنْ نَّهَارٍ ط بَلٰغٌ ج فَهَلْ يُهْلَكُ اِلَّا الْقَوْمُ الْفٰسِقُوْنَ ۝٣٥ (النّٰزعٰت ٧٩:٤٦)، (الاحقاف ٤٦:٣٥)

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

લા ઈલા-હ ઈલ્લા હુવલ્ હલીમુલ કરીમ. સુબ્હાનલ્લાહિ વ તઆલા રબ્બિલ્ અર્શિલ્ અઝીમ. અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ્ આલમીન... કઅન્નહુમ્ યવ્મ યરવ્નહા લમ્ યલ્બસૂ ઈલ્લા અશિય્યતન્ અવ્ દુહાહા... કઅન્નહુમ્ યવ્મ યરવ્ન મા યૂઅદૂ-ન લમ્ યલ્બસૂ ઈલ્લા સાઅ-તમ્ મિન્નહાર. વ બલાગુન્ ફ-હલ્ યુહ્લકુ ઈલ્લલ્ કવ્મુલ્ ફાસિકૂન.

[**અર્થ** : અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી, જે સહનશીલ (અને) દયાવાન છે. અલ્લાહ તઆલાની ઝાત પાક અને ઉચ્ચ છે, જે મહાન અર્શનો પરવરદિગાર છે.... સર્વ પ્રકારની તારીફ એક માત્ર અલ્લાહ તઆલા માટે જ છે, જે

તમામ જગતોનો પાલનહાર છે.... જે દિવસે આ લોકો તે (કિયામત)ને જોશે તો તેમને એમ લાગશે કે (દુનિયામાં) માત્ર એક સાંજ યા સવાર જેટલું જ રોકાયા હતા.... જે દિવસે આ લોકો તે (અઝાબ)ને જોઈ લેશે, જેનો તેમને વાયદો કરવામાં આવે છે, ત્યારે તેમને એમ લાગશે કે જાણે તેઓ દુનિયામાં દિવસની એક પળથી વધુ રોકાયા ન હતા અને વાત પહોંચાડી દેવામાં આવી. હવે નાફરમાન અને ફાસિક લોકો જ બરબાદ થશે.]

(બયહકી ફિદઅ્વાત, તુહ્ફ-એ-હુફ્ફાઝ : ૩૫૩, ફઝાઈલે હુફ્ફાઝે કુર્આન : ૯૯૩)

રમઝાનુલ મુબારકની રાતોમાં નમાઝ પઢવાની મહાન ફઝીલત

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈર્શાદ ફરમાવ્યો :

‘‘જયારે રમઝાન મહિનાની પહેલી રાત થાય છે તો આસમાનના દરવાજાઓ ખોલી દેવામાં આવે છે, એમના પૈકી કોઈ દરવાજો બંધ કરાતો નથી, અહિંયા સુધી કે રમઝાન મહિનાની અંતિમ રાત થઈ જાય છે—અને કોઈ મુસલમાન બંદો એવો હોતો નથી, જે રમઝાનની કોઈ રાતે નમાઝ અદા કરે; પરંતુ અલ્લાહ તઆલા તેના માટે દરેક સિજદહના બદલામાં દોઢ હજાર (૧૫૦૦) નેકીઓ લખી આપે છે અને તેના માટે (દરેક સિજદહના બદલામાં) જન્નતમાં લાલ યાકૂત (પન્ના નામક કિંમતી રત્ન)નો એક મહેલ બનાવવામાં આવે છે, જેના સિત્તેર હજાર દરવાજા હશે. તદુપરાંત તે (સિત્તેર હજાર દરવાજાઓ) પૈકી દરેક દરવાજાનો (પણ) લાલ યાકૂત

જડિત એક સોનાનો મહેલ હશે... જ્યારે તે મુસલમાન બંદો પહેલી રમઝાનનો રોઝો રાખે છે, તો માહે રમઝાનના વર્તમાન દિવસ સુધી થયેલા તેના આગલા બધા જ (સગીરહ) ગુનાહ માફ કરી દેવામાં આવે છે.... અને તેના માટે દરરોજ ફજરની નમાઝથી માંડી સૂર્યાસ્ત થતાં સુધી સિત્તેર હજાર ફરિશ્તાઓ ઈસ્તિગફાર (મગફિરતની દુઆ) કરે છે... અને તેના માટે પ્રત્યેક તે સિજદહના બદલામાં જે તે મુસલમાન બંદો રમઝાન મહિનામાં રાતે યા દિવસે અદા કરે છે, એક (એવું વિરાટ) ઝાડ અર્પણ કરે છે, જેના છાંયડામાં પાંચ સો વર્ષ સુધી સવાર ચાલી શકે છે.''

(બયહકી કૃત ''શુઅ્બુલ ઈમાન,'' સંદર્ભ : ''અલ્ મુત્ત–જરુ ર્રાબિહુ ફી સવાબિ અ–મલિસ્ સાલિહ''ની ઉર્દૂ આવૃત્તિ : ''રહમતકે ખઝાને'' : ૨૮૨...)

ઈમામ બયહકી (રહ.)એ આ હદીસના સંદર્ભમાં પોતાની વિશેષ નોંધ અને ટિપ્પણીમાં ફરમાવ્યું છે કે, ''મશહૂર અહાદીસમાં અમે એવા કેટલાક અંશ રિવાયત કર્યા છે, જે આ હદીસની પુષ્ટિ કરે છે અથવા એના અમુક અર્થની પુષ્ટિ કરે છે.''.... (અલ્ બુદૂરુસ્સાફિરહ : ૧૮૨૯, જન્નતકે હસીન મનાઝિર : ૩૬૬)

તવાફમાં ઝિક્ર અને દુઆ

હઝરત અબ્દુલ્લાહ બિન સાઈબ (રદિ.)થી રિવાયત છે કે,

મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તવાફની હાલતમાં રુકને યમાની અને હજરે અસ્વદના દરમિયાન(નું અંતર કાપતી વખતે) આ દુઆ પઢતા સાંભળ્યા :

رَبَّنَآ اٰتِنَا فِی الدُّنْیَا حَسَنَةً وَّفِی الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ ۝ (البقرہ ۲:۲۰۱)

ભાવાર્થ : હે પરવરદિગાર ! મારું આ દુનિયામાં ભલું કર અને આખિરતમાં પણ ભલું કર તેમજ મને આગના અઝાબથી બચાવજે.

❑ ❑ ❑

હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે,

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું

'રુકને યમાની પર સિત્તેર (૭૦) ફરિશ્તાઓ મુકર્રર છે, જેઓ દરેક તે બંદાની દુઆ પર 'આમીન' કહે છે, જે તેની પાસે (નજીક) આ દુઆ કરે :'

'અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુકલ્ અફ્વ વલ આફિય-ત ફીદ્દુન્યા વલ આખિરતિ-રબ્બના આતિના ફીદ્દુન્યા હસ-નતંવ્ વફિલ આખિરતિ હસ-નતંવ્ વકિના અઝાબન્નાર.' ('મઆરિફુલ હદીસ', 'સુનને ઇબ્ને માજહ')

ભાવાર્થ : હે અલ્લાહ ! હું તારાથી દુનિયા અને આખિરતની તમામ બુરાઈઓથી માફી ચાહું છું તથા આફિયત (સુખ, શાંતિ અને સ્વાસ્થ્ય) માગું છું.

હે અમારા પરવરદિગાર ! મારું આ દુનિયામાં પણ ભલું કર અને આખિરતમાં પણ ભલું કર તેમજ મને આગના અઝાબથી બચાવજે.

રસૂલુલ્લાહ (સલ.)ની હદીસો

સદકો મુસલમાનની ઉંમરને વધારે છે, બૂરી મૌતથી બચાવે છે અને સદકો દેવાથી ઈન્સાનમાં ફખ્ર અને તકબ્બુર પેદા થતો નથી. (તબરાની)

આપે (સલ.) ફરમાવ્યું : હે લોકો ! અઝાન તથા ઈકામતની વચમાં દુઆ રદ થતી નથી, બલકે કબૂલ જ થઈ જાય છે. કોઈએ અરજ કરી કે અમે એવા મોકા ઉપર શું દુઆ કરતા રહીએ ? આપે (સલ.) ફરમાવ્યું, અલ્લાહ તઆલા પાસે દીન અને દુનિયાની ભલાઈ અને તંદુરસ્તી માંગ્યા કરો. (તિરમિઝી)

– જેણે અલ્લાહને યાદ કર્યો, ત્યાં સુધી કે તેના ખૌફથી તેની આંખોથી આંસુ નીકળી પડયાં, તો એ શખ્સને કિયામતમાં અઝાબ દેવામાં આવશે નહિ. (હાકિમ)

કિયામતના દિવસે સાત પ્રકારના આદમી અર્શે ઈલાહીના સાયામાં હશે, તેઓમાંથી એક તે લોકો છે, જેઓ એકાંતમાં અલ્લાહના ખૌફથી રડયા કરે છે. (બુખારી, મુસ્લિમ)

સરકારે દો આલમ (સલ.) ઘણીવાર લડાઈમાં ફુકરા તથા મિસ્કીનોના વસીલાથી ફતહની દુઆ માંગ્યા કરતા હતા. (તબરાની)

આયાતે શિફા

آياتِ شفاء

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۙ﴿۱﴾ الرَّحْمٰنِ
الرَّحِيْمِ ۙ﴿۲﴾ مٰلِكِ يَوْمِ الدِّيْنِ ؕ﴿۳﴾ اِيَّاكَ
نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ ؕ﴿۴﴾ اِهْدِنَا
الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۙ﴿۵﴾ صِرَاطَ الَّذِيْنَ

اَنۡعَمۡتَ عَلَیۡهِمۡ ۙ۬ غَیۡرِ الۡمَغۡضُوۡبِ عَلَیۡهِمۡ
وَ لَا الضَّآلِّیۡنَ ۠﴿۷﴾ (سورۃ الفاتحہ)

وَ یَشۡفِ صُدُوۡرَ قَوۡمٍ مُّؤۡمِنِیۡنَ ﴿ۙ۱۴﴾ (التوبۃ ۹:۱۴)
یٰۤاَیُّهَا النَّاسُ قَدۡ جَآءَتۡكُمۡ مَّوۡعِظَةٌ مِّنۡ رَّبِّكُمۡ وَ شِفَآءٌ لِّمَا
فِی الصُّدُوۡرِ ۬ۙ وَ هُدًی وَّ رَحۡمَةٌ لِّلۡمُؤۡمِنِیۡنَ ﴿۵۷﴾ (یونس ۱۰:۵۷)
یَخۡرُجُ مِنۡۢ بُطُوۡنِهَا شَرَابٌ مُّخۡتَلِفٌ اَلۡوَانُهٗ فِیۡهِ
شِفَآءٌ لِّلنَّاسِ ؕ (النحل ۱۶:۶۹)
وَ نُنَزِّلُ مِنَ الۡقُرۡاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّ رَحۡمَةٌ
لِّلۡمُؤۡمِنِیۡنَ ۙ (بنی اسرائیل ۱۷:۸۲)
وَ اِذَا مَرِضۡتُ فَهُوَ یَشۡفِیۡنِ ﴿۪ۙ۸۰﴾ (الشعراء ۲۶:۸۰)
قُلۡ هُوَ لِلَّذِیۡنَ اٰمَنُوۡا هُدًی وَّ شِفَآءٌ ؕ (حم السجدۃ ۴۱:۴۴)

દુઆએ ઈબ્રાહીમ અલયહિસ્સલામ

دعائے ابراھیم علیہ السلام

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

الَّذِیۡ خَلَقَنِیۡ فَهُوَ یَهۡدِیۡنِ ﴿ۙ۷۸﴾
وَ الَّذِیۡ هُوَ یُطۡعِمُنِیۡ وَ یَسۡقِیۡنِ ﴿ۙ۷۹﴾

وَإِذَا مَرِضْتُ فَهُوَ يَشْفِينِ ﴿٨٠﴾

وَالَّذِي يُمِيتُنِي ثُمَّ يُحْيِينِ ﴿٨١﴾

وَالَّذِي أَطْمَعُ أَن يَغْفِرَ لِي خَطِيئَتِي يَوْمَ الدِّينِ ﴿٨٢﴾

رَبِّ هَبْ لِي حُكْمًا وَأَلْحِقْنِي بِالصَّالِحِينَ ﴿٨٣﴾

وَاجْعَل لِّي لِسَانَ صِدْقٍ فِي الْآخِرِينَ ﴿٨٤﴾

وَاجْعَلْنِي مِن وَرَثَةِ جَنَّةِ النَّعِيمِ ﴿٨٥﴾

(سورۃ الشعراء ۲۶: ۷۸-۸۵، پارہ ۱۹)

ભાવાર્થ

(૭૮) સાંભળી લો ! જેણે મને પેદા ફરમાવ્યો છે, હિદાયતનો માર્ગ પણ મને તે જ બતાવશે.

(૭૯) તે જ મને ખવડાવે છે અને પિવડાવે પણ તે જ છે.

(૮૦) અને જયારે હું બીમાર પડું છું તો તેના જ શિફા આપવાથી મને તંદુરસ્તી હાસિલ થાય છે.

(૮૧) મને મોત પણ તે જ આપશે અને ફરી જીવંત પણ મને તે જ કરશે.

(૮૨) મેં અલ્લાહથી આશા લગાવી રાખી છે કે ઇન્સાફના દિવસે મારી ભૂલચૂકને તે જ માફ કરશે.

(૮૩) હે મારા પરવરદિગાર ! મને દાનિશમંદી અને દાનાઇ (જ્ઞાન, ડહાપણ, બુદ્ધિમત્તા, સમજદારી) અર્પણ કર ! અને મને નેક લોકોની સાથે શામિલ ફરમાવી લે.

(૮૪) અને ભવિષ્યમાં આવનારા લોકોમાં પણ મારી દઅવતની ચર્ચા સચ્ચાઇની બુનિયાદ પર જારી ફરમાવ.

(૮૫) અને મને નેઅમતવાળી જન્નતનો વારસદાર બનાવી દે ! (સૂરએ 'શુઅ્‌રા', આયત : ૭૮ થી ૮૫)

ફઝીલત

ઈમામે તરીકત અબુલ કાસિમ કુરૈશી (રહમતુલ્લાહિ અલયહ) ફરમાવે છે કે,

"મારો એક છોકરો એટલો બીમાર થયો કે મૌતના નજીક પહોંચી ગયો. મેં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને ખ્વાબમાં જોયા. આપની ખિદમતે અકદસમાં છોકરાની હાલત બયાન કરી.

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, "તમે આયાતે શિફાથી મદદ કેમ લેતા નથી ?"

હું જાગ્યો અને વિચાર કર્યો તો આયાતે શિફા ૬ (છ) ઠેકાણે મળી, જેનું વર્ણન ઉપર થઈ ગયું છે." (મદારિજુન્નુબુવ્વહ)

'આયાતે શિફા' પઢીને દમ કરી દે તો પણ ઈન્શાઅલ્લાહ શિફા હાસિલ થશે. અલબત્ત, માસિકવાળી ઔરત જ્યાં સુધી પાક ન થાય ત્યાં સુધી કોઈના પર દમ ન કરે. હા, પાકી હાસિલ થયા પછી ઈજાઝત છે.

★ જો કોઈ ઔરત બીમાર હોય અને તે માસિકની હાલતમાં હોય, તો એવી બીમાર ઔરત પર તેનો પતિ, ભાઈ કે કોઈ હેઝથી પાક ઔરત દમ કરે તો કંઈ વાંધો નથી.

★ દરેક મુસલમાન મર્દ અને ઔરત આ "આયાતે શિફા"ને યાદ કરી લે તો બેહતર થશે; કે જેથી અચાનક જરૂરત પડવાથી દુઆનો ઉપયોગ કરવામાં કોઈના મોહતાજ થવું ન પડે.

★ નાની નાની બીમારીઓ ઘરોમાં મોટા ભાગે લાહિક થતી રહે છે. એવા મોકા પર કોઈ પણ પાક સાફ મર્દ કે ઔરત બીમાર પર 'આયાતે શિફા' પઢીને દમ કરી દે તો પણ

ઈન્શાઅલ્લાહ શિફા હાસિલ થશે. અલબત્ત માસિકવાળી ઔરત જ્યાં સુધી પાક ન થાય ત્યાં સુધી કોઈના પર દમ ન કરે. હા, પાકી હાસિલ થવા પછી ઈજાઝત છે.

★ બીમાર જો કોઈ ઔરત હોય અને માસિકની હાલતમાં હોય, તો એવી બીમાર ઔર પર તેનો પતિ, ભાઈ કે કોઈ હૈઝથી પાક ઔરત દમ કરે તો કંઈ વાંધો નથી.

નોંધ : શકય હોય તો ઉપર આપેલી દુઆએ ઈબ્રાહીમ (અલયહિસ્સલામ)ને યાદ કરી લે અને દરરોજ જેટલી વખત ચાહે પઢી લે.

ચિંતાજનક હાલાત અને કફોડી-કપરી પરિસ્થિતિમાં પઢવાની એક અહમ દુઆ

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર (રદિ.) હઝરત અલી (રદિ.)થી રિવાયત કરે છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ મને આ (નીચે દર્શાવેલા) કલિમાત શીખવ્યા છે અને આપ (સલ.)એ મને બહુ તાકીદ કરી છે કે, જ્યારે પણ મારી ઉપર કોઈ મુસીબત આવે અથવા મારી સામે કોઈ સખત, ભયાવહ કે કપરા સંજોગો ઊભા થાય તો હું આ કલિમાતને અવશ્ય–અચૂક પઢું :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْكَرِيْمُ الْعَظِيْمُ ط سُبْحَانَهٗ، تَبَارَكَ اللّٰهُ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ، اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ ط

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર (રદિ.) લોકોને આ કલિમાતની તલકીન ફરમાવતા હતા અને આ કલિમાત પઢીને બીમાર વ્યક્તિ પર દમ ફરમાવતા હતા. તદુપરાંત, આપ આ કલિમાત પોતાની તે લડકીઓને પણ શીખવતા હતા,

જેમના નિકાહ અજનબી કે અપરિચિત કુટુંબોમાં થયા હોય (અને જેમના તરફથી કષ્ટ, ત્રાસ કે અનિચ્છનીય વર્તાવ થવાનો ભય હોય).

(નસાઈ, ઈબ્નુસ્સુન્ની, સંદર્ભ : ઈમામ નવવી કૃત અલ્ અઝકાર....૧૦૩)

પુષ્કળ લાભદાયક કલિમાત

હઝરત બુરયદહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ નીચે દર્શાવેલા કલિમાતને સવારના સમયે (પહેલા યા પછી) પઢશે તો તે માણસ આ કલિમાત પઢતાવેંત અલ્લાહ તઆલાને પોતાના હકમાં કાફી હોવાનો અનુભવ કરશે અને આ કલિમાત પઢવા બદલ અલ્લાહ તઆલાને અજર–સવાબ અર્પણ કરનાર પામશે. આ દસ કલિમાત પૈકી પાંચ દુનિયા વિશે છે અને પાંચ આખિરત વિશે છે :

حَسْبِيَ اللّٰهُ لِدِيْنِيْ،
حَسْبِيَ اللّٰهُ لِمَا اَهَمَّنِيْ،
حَسْبِيَ اللّٰهُ لِمَنْ بَغٰى عَلَيَّ،
حَسْبِيَ اللّٰهُ لِمَنْ حَسَدَنِيْ،
حَسْبِيَ اللّٰهُ لِمَنْ كَادَنِيْ بِسُوْءٍ-

[**અર્થ** : અલ્લાહ મને મારા દીન માટે કાફી છે... અલ્લાહ મને મારી દરેક ફિકર–ચિંતા માટે કાફી છે... અલ્લાહ મને તે માણસ માટે કાફી છે, જે મારા પર ઝિયાદતી (અતિરેક) કરે... અલ્લાહ મને તે માણસ માટે કાફી છે, જે મારી હસદ

(ઈર્ષા) કરે... અલ્લાહ મને તે માણસ માટે કાફી છે, જે મારી સાથે ધોકાબાજી કરે.]

આખિરત વિશે લાભદાયક કલિમાત

حَسْبِيَ اللّٰهُ عِنْدَ الْمَوْتِ،
حَسْبِيَ اللّٰهُ عِنْدَ الْمَسْأَلَةِ فِي الْقَبْرِ،
حَسْبِيَ اللّٰهُ عِنْدَ الْمِيْزَانِ،
حَسْبِيَ اللّٰهُ عِنْدَ الصِّرَاطِ،
حَسْبِيَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ وَاِلَيْهِ اُنِيْبُ ط

[**અર્થ** : અલ્લાહ મને મૌત વખતે કાફી છે... અલ્લાહ મને કબરમાં સવાલ વખતે કાફી છે... અલ્લાહ મને મીઝાન (આ'માલના વજન) વખતે કાફી છે... અલ્લાહ મને પુલસિરાત પાસે કાફી છે... અલ્લાહ મને કાફી છે. તેના સિવાય કોઈ મા'બૂદ નથી. મેં તેના પર જ ભરોસો કર્યો છે અને હું તેની સામે જ રજૂ થાઉં છું.]

રોઝીમાં વિશાળતા અને વિપુલતા માટે પઢવાની દુઆ

اَللّٰهُمَّ اِنْ كَانَ رِزْقِيْ فِي السَّمَآءِ فَاَنْزِلْهُ، وَاِنْ كَانَ
فِي الْاَرْضِ فَاَخْرِجْهُ، وَاِنْ كَانَ قَلِيْلًا فَكَثِّرْهُ،

وَاِنْ كَانَ كَثِيْرًا فَبَارِكْ لِيْ فِيْهِ، وَانْقُلْهُ اِلَيَّ حَيْثُ كُنْتُ وَلَا تَنْقُلْنِيْ اِلَيْهِ ط

[**અર્થ** : હે અલ્લાહ ! જો મારી રોઝી આસમાનમાં હોય તો તેને નાઝિલ ફરમાવ અને જો જમીનમાં હોય તો તેને બહાર કાઢી દે અને જો ઓછી હોય તો તેમાં વધારો ફરમાવી દે અને જો વધુ હોય તો તેમાં (મારા માટે) બરકત અતા ફરમાવી દે અને એ રોઝીને બહાર કાઢી મારી તરફ મોકલી આપ, ચાહે તે જયાં પણ હોય અને મને તે રોઝી તરફ કદાપિ ચલાવીશ નહિ, ચાહે તે જયાં પણ હોય.]

દરેક પ્રકારની મુસીબત અને મૂંઝવણ વખતે સહાયરૂપ નીવડતી દુઆ

وَكَفٰى بِاللّٰهِ وَلِيًّا، وَكَفٰى بِاللّٰهِ نَصِيْرًا، وَكَفٰى بِاللّٰهِ حَسِيْبًا، وَكَفٰى بِاللّٰهِ وَكِيْلًا، وَكَفٰى بِرَبِّكَ هَادِيًا وَّنَصِيْرًا، وَكَفٰى بِرَبِّكَ بِذُنُوْبِ عِبَادِهٖ خَبِيْرًاۢ بَصِيْرًا، وَكَفَى اللّٰهُ الْمُؤْمِنِيْنَ الْقِتَالَ وَكَانَ اللّٰهُ قَوِيًّا عَزِيْزًا ط

હુસ્ને ખાતિમહ માટે પઢવાની દુઆઓ

દરેક નમાઝ પછી કમસે કમ એક વખત આ દુઆઓ પઢવી. દુઆઓની શરૂઆતમાં અને અંતમાં દુરૂદ શરીફ પઢી લેવું. તદુપરાંત, સૂતી વખતે યા જયારે પણ મોકો મળે ત્યારે આ

દુઆઓનું પઢવું હુસ્ને ખાતિમહ માટે નિમિત્તરૂપ, સબબરૂપ છે.

★ દુઆ : ૧ ★

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ○

رَبَّنَا لَا تُزِغۡ قُلُوۡبَنَا بَعۡدَ اِذۡ هَدَيۡتَنَا وَهَبۡ لَنَا مِنۡ لَّدُنۡكَ رَحۡمَةً ۚ اِنَّكَ اَنۡتَ الۡوَهَّابُ ۝٨ (آل عمران ٣:٨)

فَاطِرَ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ ۟ اَنۡتَ وَلِىّٖ فِى الدُّنۡيَا وَالۡاٰخِرَةِ ۚ تَوَفَّنِىۡ مُسۡلِمًا وَّاَلۡحِقۡنِىۡ بِالصّٰلِحِيۡنَ ۝١٠١ (يوسف ١٢:١٠١)

اَللّٰهُمَّ اجۡعَلۡ خَيۡرَ زَمَانِىۡ اٰخِرَهٗ وَخَيۡرَ عَمَلِىۡ خَوَاتِمَهٗ وَخَيۡرَ اَيَّامِىۡ يَوۡمَ لِقَائِكَ فِيۡهِ، يَا وَلِىَّ الۡاِسۡلَامِ ثَبِّتۡنِىۡ بِهٖ حَتّٰى اَلۡقَاكَ وَاَسۡعِدۡنِىۡ بِتَقۡوٰكَ وَلَا تُشۡقِنِىۡ بِمَعۡصِيَتِكَ ط

[**અર્થ** : હે અમારા પરવરદિગાર ! જ્યારે તેં અમને હિદાયત આપી તો પછી અમારાં દિલોને (અવળા માર્ગે) વાળીશ નહિ અને પોતાની પાસેથી અમને રહમત અર્પણ કર. બેશક, તું જ સઘળું આપનાર છે... હે આકાશો અને પૃથ્વીના સર્જનહાર ! દુનિયા અને આખિરતમાં તું જ મારો કારસાઝ (કાર્યસાધક) છે. મને મુસલમાનની હાલતમાં મૌત આપજે અને નેક લોકો સાથે મારો ઉઠાવ કરજે... હે અલ્લાહ ! મારી ઉંમરના આખરી દિવસોને ઉંમરના બેહતરીન દિવસો બનાવજે, સૌથી બેહતર જમાનો મારો અંતિમ જમાનો બનાવજે અને મારા આ'માલમાં સૌથી સારો અમલ મારો અંતિમ અમલ બનાવજે અને મારો સૌથી શ્રેષ્ઠ દિવસ તે અંતિમ દિવસ

બનાવજે, જ્યારે હું તને મળું તે દિવસને મારો સૌથી ઉત્તમ દિવસ બનાવજે... હે ઈસ્લામના માલિક ! મને ઈસ્લામ પર સાબિત કદમ (અડગ) રાખજે. અહિંયા સુધી કે હું તારી મુલાકાત કરું અને મને પોતાના તકવા (ખૌફ) દ્વારા સઆદત અતા ફરમાવજે અને તું મને પોતાની મઅસિયત (પાપાચાર) દ્વારા બદબખ્ત બનાવીશ નહિ.]

★ દુઆ : ૨ ★

بَسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

سُبْحَانَ الْاَبَدِيّ الْاَبَدِط سُبْحَانَ الْوَاحِدِالْاَحَدِط سُبْحَانَ الْفَرْدِالصَّمَدِط سُبْحَانَ رَافِعِ السَّمَآءِ بِغَيْرِ عَمَدٍط سُبْحَانَ مَنْ بَسَطَ الْاَرْضَ عَلٰى مَاءٍ جَمَدٍط سُبْحَانَ مَنْ خَلَقَ الْخَلْقَ فَاَحْصَاهُمْ عَدَدًاط سُبْحَانَ مَنْ قَسَّمَ الرِّزْقَ وَلَمْ يَنْسَ اَحَدًاط سُبْحَانَ الَّذِىْ لَمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَاوَلَدًاط سُبْحَانَ الَّذِىْ لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًااَحَدٌط

[**અર્થ** : પાક છે તે ઝાત જે હંમેશાથી હતી, હંમેશા છે અને હંમેશા રહેશે... પાક છે તે ઝાત, જે એકલો જ, અદ્વિતીય (અજોડ) છે... પાક છે તે ઝાત જે બેનિયાઝીમાં પણ અજોડ છે... પાક છે તે ઝાત જેણે સ્તંભ (ટેકા) વિના આકાશોને ઊભા કર્યા છે... પાક છે તે ઝાત જેણે થીજેલા પાણી પર પૃથ્વીને બિછાવી દીધી છે... પાક છે તે ઝાત જેનું સર્જન અગણિત

છે... પાક છે તે ઝાત જે તમામ મખલૂકને રોઝી પહોંચાડવાનું ભૂલતો નથી... પાક છે તે ઝાત જેને ન તો બીવી છે, ન બચ્ચાં... પાક છે તે ઝાત જેની કોઈ અવલાદ નથી અને તે કોઈની અવલાદ નથી અને તેના સમકક્ષ બીજો કોઈ જ નથી.

★ દુઆ : ૩ ★

આ દુઆને દરરોજ દરેક નમાઝ પછી સાચા દિલે અને સાચી નિય્યતે પઢે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۝

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ اِيْمَانًا كَامِلًا وَّيَقِيْنًا صَادِقًا وَّرِزْقًا وَّاسِعًا حَلَالًا طَيِّبًا وَّقَلْبًا خَاشِعًا وَّلِسَانًا ذَاكِرًا وَّتَوْبَةً نَّصُوْحًا وَّتَوْبَةً قَبْلَ الْمَوْتِ وَرَاحَةً عِنْدَ الْمَوْتِ وَمَغْفِرَةً وَّرَحْمَةً بَعْدَ الْمَوْتِ وَالْعَفْوَ عِنْدَ الْحِسَابِ وَالْفَوْزَ بِالْجَنَّةِ وَالنَّجَاةَ مِنَ النَّارِ ط بِرَحْمَتِكَ يَا عَزِيْزُ يَا غَفَّارُ ط رَبِّ زِدْنِىْ عِلْمًا وَّاَلْحِقْنِىْ بِالصَّالِحِيْنَ ط

[**અર્થ** : હે અલ્લાહ ! મને કામિલ (સંપૂર્ણ) ઈમાન, સાચું યકીન, વિશાળ–હલાલ–પવિત્ર રોઝી, ડરનારું દિલ, ઝિક્ર કરનાર ઝુબાન, ખાસ તૌબા, મૌતથી પહેલાં તૌબા, મૌત વખતે રાહત, મૌત પછી મગફિરત અને રહમત નસીબ ફરમાવ... (હે અલ્લાહ !) હિસાબના દિવસે માફી તથા જન્નત (પ્રવેશ)માં કામિયાબી અને દોઝખથી નજાત અતા ફરમાવ... હે મહા બળવાન ! હે મહા ક્ષમાવાન ! તારી રહમતના તુફેલથી (મારી આ દુઆઓને કબૂલ ફરમાવ)... હે મારા પરવરદિગાર ! તું મારા ઈલ્મમાં વધારો કર અને મને નેક

લોકોમાં શામિલ કરી દે, (આમીન !).

મુશ્કેલ કામની આસાની માટે અને સંકટ સમયે પઢવાની દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۝
اَللّٰهُمَّ لَا سَهْلَ اِلَّا مَا جَعَلْتَهٗ سَهْلًا وَّ اَنْتَ
تَجْعَلُ الْحَزَنَ سَهْلًا اِذَا شِئْتَ ط

[**અર્થ** : હે અલ્લાહ ! કોઈ પણ કામ આસાન નથી, સિવાય કે જેને તું આસાન કરી દે અને જ્યારે તું ચાહે છે ત્યારે પથરીલી જમીન (મુશ્કેલ કામો)ને પણ નરમ અને હમવાર (સપાટ) કરી દે છે.] (હિસ્ને હસીન)

ઝુલ્મ, આફત, મુસીબત, જાદૂ અને શયતાનની શરારતથી હિફાઝતની દુઆ

નીચે દર્શાવેલી દુઆ હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પોતાના ખાસ ખાદિમ હઝરત અનસ ઈબ્ને માલિક (રદિ.)ને અચાનક આવી પડતી મુસીબતો અને દુર્ઘટનાઓથી બચવા માટે શિખવાડી હતી. આ દુઆની બરકતથી તેઓ દરેક પ્રકારના ઝુલ્મ–સિતમ અને ફિત્નાઓથી મહફૂઝ રહ્યા. ઘણા સહાબએ કિરામ (રદિ.)નો આ મા'મૂલ (નિત્યક્રમ) રહ્યો હતો. સવાર–સાંજ એક વખત આ દુઆ પઢયા કરો. ઝાલિમના ઝુલ્મથી, જાદૂગરના જાદૂથી, શયતાનની શરારતથી અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવશે અને કોઈ પ્રકારની તકલીફ અને આફત પહોંચશે નહિ, ઈન્શા અલ્લાહ...... દુઆ આ પ્રમાણે છે :

بِسْمِ اللّٰهِ وَالْحَمْدُلِلّٰهِ، مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ، لَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ، بِسْمِ اللّٰهِ عَلٰى دِيْنِىْ وَنَفْسِىْ، بِسْمِ اللّٰهِ عَلٰى اَهْلِىْ وَمَالِىْ، بِسْمِ اللّٰهِ عَلٰى كُلِّ شَىْءٍ اَعْطَانِيْهِ رَبِّىْ، بِسْمِ اللّٰهِ خَيْرِالْاَسْمَاءِ بِسْمِ اللّٰهِ رَبِّ الْاَرْضِ وَالسَّمَآءِ، بِسْمِ اللّٰهِ الَّذِىْ لَايَضُرُّ مَعَ اِسْمِهٖ دَاءٌ، بِسْمِ اللّٰهِ افْتَتَحْتُ وَعَلَى اللّٰهِ تَوَكَّلْتُ، لَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ، لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ، لَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ، وَاللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ، لَآاِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْكَرِيْمُ، لَآاِلٰهَ اِلَّا اللّٰهُ الْعَلِىُّ الْعَظِيْمُ، تَبَارَكَ اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ السَّبْعِ وَرَبُّ الْعَرْشِ الْعَظِيْمِ، وَرَبُّ الْاَرْضِيْنَ، وَمَا بَيْنَهُمَا، وَالْحَمْدُلِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ، عَزَّ جَارُكَ وَجَلَّ ثَنَاؤُكَ، وَلَآاِلٰهَ غَيْرُكَ، اِجْعَلْنِىْ فِىْ جِوَارِكَ مِنْ شَرِّ كُلِّ ذِىْ شَرٍّ، وَمِنْ شَرِّ الشَّيْطَانِ الرَّجِيْمِ، اِنَّ وَلِيِّےَ اللّٰهُ الَّذِىْ نَزَّلَ الْكِتَابَ وَهُوَ يَتَوَلَّى الصَّالِحِيْنَ، فَاِنْ تَوَلَّوْا فَقُلْ حَسْبِىَ اللّٰهُ لَآاِلٰهَ اِلَّاهُوَ، عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ط

(અલ્લામહ જલાલુદ્દીન સુયૂતી રહ. કૃત "જમ્ઉલ જવામેઅ્," "તારીખે ઈબ્ને અસાકિર," અબુશ્શૈખ રહ. કૃત "કિતાબુસ્વાબ," શૈખ અબ્દુલ હક મુહદ્દિસ રહ. કૃત "ઈસ્તીનાસુ અનવારિલ કબ્સિ ફી શર્હિ દુઆઈ અનસ," સંદર્ભ : "આપકે મસાઈલ ઔર ઉન્કા હલ" : ૮/૨૩૩–૨૩૪, "કન્ઝુલ ઉમ્માલ" : ભાગ–૨, પેજ : ૨૮૨/૨૮૩)

માં-બાપનો હક અદા કરવાની દુઆ

અલ્લામહ અયની (રહ.)એ શર્હે બુખારીમાં એક હદીષ નકલ ફરમાવી છે કે, જો કોઈ વ્યક્તિ એક વખત આ (નીચે

દર્શાવેલી) દુઆ પઢશે અને પછી દુઆ કરશે કે, હે અલ્લાહ ! આનો સવાબ મારાં વાલિદૈનને પહોંચાડી દે, તો જાણે તેણે પોતાના વાલિદૈનનો હક અદા કરી દીધો. તે દુઆ આ પ્રમાણે છે :

اَلْحَمْدُلِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ رَبِّ السَّمٰوٰتِ وَ رَبِّ الْاَرْضِ وَرَبِّ الْعٰلَمِيْنَ وَلَهُ الْكِبْرِيَآءُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَالْعَزِيْزُ الْحَكِيْمُ ط اَلْحَمْدُلِلّٰهِ رَبِّ السَّمٰوٰتِ وَرَبِّ الْاَرْضِ وَرَبِّ الْعٰلَمِيْنَ وَلَهُ النُّوْرُ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَالْعَزِيْزُ الْحَكِيْمُ ط

●●●

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ
سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

●●●

اَسْتَغْفِرُ اللّٰهَ الْعَظِيْمَ وَاَتُوْبُ اِلَيْهِ ط

●●●

દુઆની કબૂલિય્યત માટે સહાયરૂપ

اَللّٰهُمَّ يَاوَدُوْدُ يَاذَاالْعَرْشِ الْمَجِيْدُ يَامُبْدِئُ يَامُعِيْدُ يَافَعَّالٌ لِّمَا يُرِيْدُ يَاذَاالْعِزَّةِ الَّتِيْ لَاتُرَامُ وَالْمُلْكِ الَّذِيْ لَايُضَامُ يَامَنْ عَلٰى نُوْرِهٖ اَرْكَانُ عَرْشِهٖ يَامُغِيْثُ اَغِثْنِيْ، يَامُغِيْثُ اَغِثْنِيْ، يَامُغِيْثُ اَغِثْنِيْ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

[**અર્થ** : હે અલ્લાહ ! હે બહુ પ્રેમાળ ઝાત ! હે અર્શના માલિક, જે મહાન છે ! હે (સર્જનની) શરૂઆત કરનાર ! હે ફરી સજીવન કરનાર ! હે તે ઝાત, જે કોઈ ચીજ કરવા ચાહે છે તો તેને પુષ્કળ પ્રમાણમાં કરે છે. હે એવી ઈઝઝતવાન ઝાત, જેને માટે અસ્ત કે નાશ નથી અને એવી બાદશાહી ધરાવનાર ઝાત, જેના પર ઝુલ્મ– સિતમ કરી શકાતો નથી. હે એવી ઝાત, જેના અર્શના અરકાન (સ્તંભ) તેના નૂર પર કાયમ (સ્થિર) છે. હે ફરિયાદ સાંભળનાર ! મારી ફરિયાદ સાંભળી લે. હે ફરિયાદ સાંભળનાર ! મારી ફરિયાદ સાંભળી લે. હે ફરિયાદ સાંભળનાર ! મારી ફરિયાદ સાંભળી લે. બેશક, તું દરેક ચીજ પર શક્તિમાન છે.]

દુઆએ હાજાત

જે માણસ દરેક નમાઝ પછી નીચે લખેલ દુઆ પાબંદીથી પઢે અને ખાસ કરીને જુમ્આની નમાઝ પછી પઢે તો અલ્લાહ તઆલા દરેક ખૌફની વસ્તુથી એની હિફાઝત કરશે અને દુશ્મનો સામે એની મદદ કરશે અને એને માલદાર કરી આપશે અને એને એવી જગ્યાએથી રોઝી પહોંચાડશે જ્યાં એનો ખ્યાલ પણ ન જાય અને ઝિંદગી એની ઉપર આસાન કરી આપશે અને એનું કર્ઝ અદા કરી આપશે. ભલે એનું કર્ઝ પહાડ બરાબર હોય, અલ્લાહ તઆલા પોતાના ફઝલો–કરમથી એને પૂરું કરાવી આપશે. દુઆ આ છે :

يَااَللّٰهُ يَااَحَدُ يَاوَاحِدُ يَامَوْجُوْدُ يَاجَوَّادُ يَابَاسِطُ
يَاكَرِيْمُ يَاوَهَّابُ يَاذَالطَّوْلِ يَاغَنِيُّ يَامُغْنِيُّ يَافَتَّاحُ
يَارَزَّاقُ يَاعَلِيْمُ يَاحَكِيْمُ يَاحَيُّ يَاقَيُّوْمُ يَارَحْمٰنُ

يَارَحِيْمُ يَابَدِيْعَ السَّمٰوٰتِ وَالْاَرْضِ يَاذَاالْجَلَالِ وَالْاِكْرَامِ
يَاحَنَّانُ يَامَنَّانُ نَفِّحْنِىْ مِنْكَ بِنَفْحَةِ خَيْرٍ تُغْنِيْنِىْ بِهَا
عَمَّنْ سِوَاكَ اِنْ تَسْتَفْتِحُوْا فَقَدْ جَآءَكُمُ الْفَتْحُ اِنَّا فَتَحْنَا
لَكَ فَتْحًا مُّبِيْنًا ط نَصْرٌ مِّنَ اللّٰهِ وَفَتْحٌ قَرِيْبٌ، اَللّٰهُمَّ يَاغَنِىُّ
يَاحَمِيْدُ يَامُبْدِئُ يَامُعِيْدُ يَاوَدُوْدُ يَاذَاالْعَرْشِ الْمَجِيْدُ
يَافَعَّالٌ لِّمَا يُرِيْدُ ط اِكْفِنِىْ بِحَلَالِكَ عَنْ حَرَامِكَ وَاَغْنِنِىْ
بِفَضْلِكَ عَمَّنْ سِوَاكَ وَاحْفَظْنِىْ بِمَا حَفِظْتَ بِهِ الذِّكْرَ
وَانْصُرْنِىْ بِمَا نَصَرْتَ بِهِ الرُّسُلَ اِنَّكَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ط

[**અર્થ** : હે અલ્લાહ ! હે એકલે એકલી ઝાત ! હે એકાકી ઝાત ! હે મવજૂદ ! હે બહુ સખી ! હે ફેલાવનાર ઝાત ! હે કરમ કરનાર ! હે બહુ અર્પણ કરનાર ! હે બખશિશ કરનાર ! હે બેનિયાઝ ! હે બેનિયાઝ કરનાર ! હે પુષ્કળ રોઝી અર્પણ કરનાર ! હે બહુ જાણનાર ! હે હિકમતવાન ! હે હંમેશા રહેનાર ઝાત ! હે નિગેહબાન ! હે બહુ દયાળુ ! હે બહુ કૃપાળુ ! હે આકાશો અને પૃથ્વીને નમૂના વગર પેદા કરનાર ! હે જલાલવંત અને કરમ કરનાર ઝાત ! હે બહુ મહેરબાન ! હે એહસાન કરનાર ! મને પોતાના તરફથી એવી સુંદર ખુશ્બૂ અતા ફરમાવ, જે તારા સિવાય તમામ (મખ્લૂક)થી મને બેપરવા કે બેનિયાઝ કરી દે. જો તમે કામિયાબી ચાહતા હો તો આ (જાણી લો) કે કામિયાબી આવી ચૂકી છે. બેશક, અમે આપ (સલ.)ને સ્પષ્ટ કામિયાબી અતા કરી છે. અલ્લાહ તઆલા તરફથી મદદ અને કરીબી ફતહ(ની ઉમ્મીદ છે). હે

અલ્લાહ ! હે બેનિયાઝ ! હે કાબિલે તા'રીફ ! હે (સર્વપ્રથમ) પેદા કરનાર ! હે બીજી વાર સજીવન કરનાર ! હે પુષ્કળ મુહબ્બત કરનાર ! હે અર્શના મહાન માલિક ! હે ચાહે તે કામ પાર પાડનાર ! પોતે હલાલ કરેલી બાબતો દ્વારા પોતે હરામ કરેલી બાબતોથી મને બેપરવા કે બેનિયાઝ કરી દે અને પોતાના ફઝલ દ્વારા પોતાની ઝાત સિવાય તમામ (મખ્લૂક)થી મને બેપરવા કરી દે અને જે માધ્યમ (ઝરીઅહ) દ્વારા તેં પોતાના કલામની હિફાઝત ફરમાવી છે, એ જ માધ્યમ દ્વારા મારી પણ હિફાઝત ફરમાવ અને જે માધ્યમો દ્વારા તેં પોતાના રસૂલોની હિફાઝત ફરમાવી હતી, તે માધ્યમો દ્વારા મારી પણ હિફાઝત ફરમાવ. બેશક, તું દરેક ચીજ પર શક્તિમાન છે.

(હશ્ત સૂરહ : ૧૫૩)

ઘરમાં ઈત્તિફાક

ઘરવાળાઓમાં અને પરિવારજનોમાં મતભેદ, ઘર-કંકાસ અથવા ના-ઈત્તિફાકી ઊભી થઈ જાય તો ''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' સાત વખત પઢીને ખાણા પર દમ કરી સૌ ઘરવાળા એને ખાતા રહે, પરસ્પર મુહબ્બત, એકતા અને મનમેળ પેદા થઈ જશે, ઈન્શાઅલ્લાહ.

યાદશકિત વધારવા માટે

''બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'' ૭૮૬ વખત સૂર્યોદય (તુલૂએ આફતાબ)થી દસ મિનિટ પહેલાં પઢવાનું શરૂ કરે, એટલે સુધી કે (૭૮૬ની) સંખ્યા પૂરી થઈ જાય. પછી પાણી પર દમ કરીને પિવડાવે. બહુ મુજર્રબ (અનુભવસિદ્ધ) અમલ છે.

જહન્નમના અઝાબથી નજાત

اَللّٰهُمَّ اِنِّیْٓ اَصْبَحْتُ اُشْهِدُكَ وَاُشْهِدُ حَمَلَةَ عَرْشِكَ وَمَلٰٓئِكَتَكَ وَجَمِيْعَ خَلْقِكَ اِنَّكَ اَنْتَ اللّٰهُ لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ وَحْدَكَ لَاشَرِيْكَ لَكَ وَاَنَّ مُحَمَّدًا عَبْدُكَ وَرَسُوْلُكَ ط

આ કલિમાતને સવાર–સાંજ ચાર વખત પઢવા. હદીષ શરીફમાં છે કે, જે માણસ એક વાર પઢશે, તો અલ્લાહ તઆલા એના એક ચતુર્થાંશ (ચોથાઈ) વુજૂદને (જહન્નમના અઝાબથી) આઝાદ કરી દેશે અને જે માણસ બે વખત પઢશે તો એના અડધા વુજૂદને આઝાદ કરી દેશે. જે માણસ ત્રણ વાર પઢશે તો એના પોણા વુજૂદને આઝાદ કરી દેશે અને જે ચાર વાર પઢશે તો એના આખા વુજૂદને માફ કરી દેશે.

(નૂરે મુબીન શર્હે હિસ્ને હસીન : ૯૬)

કલિમાતે આખિરત

હઝરત સુવૈદ ઈબ્ને ગફલહ (રદિ.) ફરમાવે છે કે, હઝરત અલી (રદિ.) એક વાર ફાકા (ભૂખમરા)માં સપડાઈ ગયા, તો એમણે હઝરત ફાતિમા (રદિ.)ને કહ્યું કે જો તમે હુઝૂરે અકદસ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં જઈને કંઈક માંગી લાવો તો સારું છે. એટલે હઝરત ફાતિમા (રદિ.) રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં હાજર થયાં. તે સમયે આપ (સલ.)ની પાસે ઉમ્મે અયૂમન (રદિ.) મવજૂદ હતાં. હઝરત ફાતિમા (રદિ.)એ દરવાજો ખખડાવ્યો. રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ

હઝરત ઉમ્મે અય્મન (રદિ.)ને ફરમાવ્યું : "આ ખડખડાટ તો ફાતિમા (રદિ.)નો છે. આજે આ સમયે આવી છે. પહેલાં કદી આ સમયે આવતી ન હતી." પછી હઝરત ફાતિમા (રદિ.) અંદર ગયાં અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! ફરિશ્તાઓનું ખાણું "લા ઈલા–હ ઈલ્લલ્લાહ", "સુબ્હાનલ્લાહ" અને "અલ્હમ્દુ લિલ્લાહ" કહેવું છે. અમારું–આપણું ખાણું શું છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : તે ઝાતની કસમ, જેણે મને હક આપીને મોકલ્યો છે, મુહમ્મદ (સલ.)ના ખાનદાનના કોઈ ઘરમાં ત્રણ દિવસથી આગ સળગી નથી. અમારી પાસે અમુક બકરીઓ આવી છે. જો તમે ચાહો તો તમને પાંચ બકરીઓ આપી દઉં અને જો તમે ચાહો તો તમને તે પાંચ કલિમાત શિખવાડી દઉં, જે હઝરત જિબ્રઈલ (અલૈ.)એ મને શિખવાડયા છે. હઝરત ફાતિમા (રદિ.)એ અરજ કરી : નહિ; બલકે મને તો તે પાંચ કલિમાત જ શિખવાડી દો, જે આપ (સલ.)ને હઝરત જિબ્રઈલ (અલૈ.)એ શિખવાડયા છે. હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : તમે આ પ્રમાણે પઢયા કરો :

يَا اَوَّلَ الْاَوَّلِيْنَ وَيَا اٰخِرَ الْاٰخِرِيْنَ وَيَا ذَا الْقُوَّةِ الْمَتِيْنِ
وَيَا رَاحِمَ الْمَسَاكِيْنَ وَيَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

પછી હઝરત ફાતિમા (રદિ.) પાછાં ચાલ્યાં ગયાં. જ્યારે હઝરત અલી (રદિ.)ની પાસે પહોંચ્યાં તો હઝરત અલી (રદિ.)એ પૂછયું : શું થયું ? હઝરત ફાતિમા (રદિ.)એ જવાબ દીધો : હું તો આપ (સલ.)ની પાસે દુનિયા લેવા માટે ગઈ હતી; પરંતુ ત્યાંથી આખિરત લઈને આવી છું. હઝરત અલી

(રદિ.)એ કહ્યું : (વાત આવી જ છે) તો ખરેખર, આ દિવસ તમારો સૌથી બેહતરીન દિવસ છે. (હયાતુસ્સહાબા : ૩/૫૬)

રોઝીની વિશાળતા માટે મુજર્રબ અમલ

હઝરત મવલાના શાહ અબ્દુલ ગની ફૂલપૂરી (રહ.)એ ફરમાવ્યું કે, હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી (રહ.)થી મન્કૂલ છે કે, જે માણસ સવારે સિત્તેર વખત પાબંદીથી આ (નીચે વર્ણવેલી) આયત પઢયા કરશે, તો તે રોઝીની તંગીથી મહફૂઝ રહેશે. ફરમાવ્યું : આ બહુ મુજર્રબ (અનભવસિદ્ધ) અમલ છે :

اَللّٰهُ لَطِيْفٌۢ بِعِبَادِهٖ يَرْزُقُ مَنْ يَّشَآءُ ۚ

وَهُوَ الْقَوِيُّ الْعَزِيْزُ ﴿١٩﴾ (الشوریٰ ۴۲:۱۹)

(મઆરિફુલ કુર્આન : ૭/૬૮૭)

દરેક પ્રકારની પરેશાનીથી છુટકારો

બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં છે કે, હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જયારે કોઈ બેચેની અને પરેશાનીનો સામનો કરવો પડતો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ દુઆ પઢતા હતા :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْعَظِيْمُ الْحَلِيْمُ ط لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ

الْعَرْشِ الْعَظِيْمِ ط لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ

وَرَبُّ الْاَرْضِ وَرَبُّ الْعَرْشِ الْكَرِيْمِ ط

ઈમામ તબરી (રહ.)એ ફરમાવ્યું કે સલફે સાલિહીન (પૂર્વજ બુઝુર્ગો) આ દુઆને ''દુઆએ કર્બ'' તરીકે ઓળખતા હતા અને મુસીબત તથા પરેશાની વખતે આ કલિમાત પઢીને દુઆ માંગતા રહેતા હતા. (કુર્તુબી, મઆરિફુલ કુર્આન : ૪/૫૧૧)

દુઆઓની કબૂલિય્યત માટે અલ્લાહ તઆલાની પસંદનીય હમ્દ

اَللّٰهُمَّ لَکَ الْحَمْدُ كُلُّهٗ وَلَکَ الشُّكْرُ كُلُّهٗ وَلَکَ الْمُلْکُ
كُلُّهٗ وَلَکَ الْخَلْقُ كُلُّهٗ بِيَدِکَ الْخَيْرُ كُلُّهٗ وَاِلَيْکَ يَرْجِعُ
الْاَمْرُ كُلُّهٗ اَسْئَلُکَ الْخَيْرَ كُلَّهٗ وَاَعُوْذُبِکَ مِنَ الشَّرِّ كُلِّهٖ
وَلَکَ الْحَمْدُ كَمَا اَنْتَ اَهْلُهٗ وَصَلِّ عَلٰى مُحَمَّدٍ كَمَا
اَنْتَ اَهْلُهٗ وَافْعَلْ بِنَا مَا اَنْتَ اَهْلُهٗ فَاِنَّکَ اَنْتَ اَهْلُ
التَّقْوٰى وَاَهْلُ الْمَغْفِرَةِ. اَللّٰهُمَّ لَکَ الْحَمْدُ فِى الْحَالِ
وَلَکَ الْحَمْدُ فِى الْمَالِ وَلَکَ الْحَمْدُ عَلٰى سَابِغِ نِعَمِکَ،
اَللّٰهُمَّ لَکَ الْحَمْدُ حَتّٰى تَرْضٰى. اَللّٰهُمَّ لَکَ الْحَمْدُ
بَعْدَ الرِّضَا، اَللّٰهُمَّ لَکَ الْحَمْدُ حَمْدًا خَالِدًا مَّعَ
خُلُوْدِکَ وَلَکَ الْحَمْدُ حَمْدًا كَثِيْرًا وَّلَکَ الْحَمْدُ
حَمْدًا كَمَا يَنْبَغِىْ لِجَلَالِ وَجْهِکَ وَعَظِيْمِ سُلْطَانِکَ
وَلَکَ الْحَمْدُ فِى الْاُوْلٰى وَلَکَ الْحَمْدُ فِى الْاٰخِرَةِ ط

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ
كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ
اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

જાની અને માલી દુર્ઘટનાઓથી બચવાનો વઝીફો

હઝરત તલક ઈબ્ને હબીબ (રહ.) ફરમાવે છે કે એક માણસ હઝરત અબૂ દરદાઅ્ (રદિ.)ની ખિદમતમાં હાજર થયા અને અરજ કરી કે, ‘‘આપનું મકાન સળગી ગયું છે.’’ આપે ફરમાવ્યું : ‘‘સળગ્યું નથી.’’ પછી બીજા માણસે આ જ સમાચાર સંભળાવ્યા. આપે ફરમાવ્યું : ‘‘સળગ્યું નથી.’’ પછી બીજા એક માણસે આવીને કહ્યું : ‘‘હે અબૂ દરદાઅ્ ! આગની જ્વાળાઓ અને આગના લપકારા બહુ જ બુલંદ થયા; પરંતુ જ્યારે આપના મકાન સુધી આગ પહોંચી તો આગ હોલવાઈ ગઈ.’’ આપે ફરમાવ્યું : ‘‘હું સારી પેઠે જાણતો હતો

કે, અલ્લાહ તઆલા એવું કંઇ કરશે નહિ (કે જેથી મારું મકાન સળગી ઊઠે), કારણ કે મેં રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી સાંભળ્યું છે કે, જે માણસ સવારના સમયે આ (નિમ્ન લિખિત) કલિમાત પઢી લેશે, તો સાંજ સુધી એને કોઈ મુસીબત પહોંચશે નહિ અને સાંજના સમયે આ કલિમાત પઢી લેશે, તો સવાર સુધી એને કોઈ મુસીબત પહોંચશે નહિ.'' (મેં સવારે આ કલિમાત પઢયા હતા, એ કારણે મને યકીન હતું કે મારું મકાન સળગી શકશે નહિ). તે કલિમાત આ પ્રમાણે છે :

اَللّٰهُمَّ اَنْتَ رَبِّیْ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ عَلَیْکَ تَوَکَّلْتُ وَاَنْتَ رَبُّ
الْعَرْشِ الْکَرِیْمِ ط مَاشَآءَ اللّٰهُ کَانَ وَمَالَمْ یَشَأْ لَمْ یَکُنْ
وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ ط أَعْلَمُ اَنَّ اللّٰهَ
عَلٰی کُلِّ شَیْءٍ قَدِیْرٌ ط وَاَنَّ اللّٰهَ قَدْ اَحَاطَ بِکُلِّ شَیْءٍ عِلْمًا ط
اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنْ شَرِّ نَفْسِیْ وَمِنْ شَرِّ کُلِّ دَآبَّةٍ
اَنْتَ اٰخِذٌ بِنَاصِیَتِهَا اِنَّ رَبِّیْ عَلٰی صِرَاطٍ مُّسْتَقِیْمٍ ط

(દયલમી, સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ : ૨/૧૬૨–૧૬૩, નવવી કૃત ''ઇબ્નુસ્સુન્ની'', સંદર્ભ : અલ અઝ્કાર : ૭૫)

શફાઅત વાજિબ થશે

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ الْقَآئِمَةِ وَالصَّلٰوةِ النَّافِعَةِ صَلِّ
اللّٰهُ عَلٰی مُحَمَّدٍ وَّارْضَ عَنِّیْ رِضًا لَّا تَسْخَطْ بَعْدَهٗ اَبَدًا ط

ફઝીલત : રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ઈરશાદ ફરમાવ્યો : જે માણસ આ દુરૂદ શરીફ પઢશે તો તેના માટે મારી શફાઅત વાજિબ છે. (તબરાની)

એક મુફીદ દુઆ

اَللّٰهُمَّ عَافِنِیْ فِیْ بَدَنِیْ اَللّٰهُمَّ عَافِنِیْ فِیْ سَمْعِیْ
اَللّٰهُمَّ عَافِنِیْ فِیْ بَصَرِیْ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ ط

રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ દુઆને સવાર–સાંજ ત્રણ–ત્રણ વાર પઢતા રહેતા હતા. (અબૂ દાવૂદ)

નઝરે બદથી હિફાઝત

હઝરત અનસ ઈબ્ને માલિક (રદિ.)થી મરફૂઅન્ રિવાયત છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું :

જે માણસ કોઈ ચીજને જુએ અને તે ચીજ તેને સારી લાગે અને પછી તે –

مَاشَآءَ اللّٰهُ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

''મા શાઅલ્લાહુ લા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ '

પઢી લે, તો એ ચીજને નઝરે બદ (બૂરી નજર) લાગશે નહિ.

(ઈબ્નુસ્સુન્ની, તોહ્ફ–એ–હુફ્ફાઝ : ૩૫૬, ફઝાઈલે હુફ્ફાઝે કુર્આન : ૧/૧૦૦૧)

વિશેષતાઓ પ્રાપ્ત કરવાની રીત

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ‘‘છે કોઇ એવી વ્યક્તિ કે જે આ વાતો પર જાતે અમલ કરે અથવા ઓછામાં ઓછું એ લોકોને જણાવી દે કે જેઓ આ વાતો પર અમલ કરે.’’

હું બોલ્યો : ‘‘યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! હું હાજર છું. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ મારો હાથ પકડયો અને આ પાંચ વાતો ગણાવી :

(૧) ફરમાવ્યું, ‘‘હરામ વાતોથી દૂર રહેજો, મોટા ઈબાદતગુજારોમાં તમારી ગણના થશે.

(૨) અલ્લાહ તઆલા જે કંઇ તમારી તકદીર (ભાગ્ય)માં લખી ચૂકયો છે એના પર રાજી રહેશો તો મોટા બેનિયાઝ (નિઃસ્પૃહ) બંદાઓ પૈકીના થઇ જશો.

(૩) પોતાના પાડોશી સાથે સદ્‌વર્તન કરતા રહેજો, ઈમાનવાળા (મો’મિન) બની જશો.

(૪) જે વાતને પોતાના માટે ચાહો છો એ જ બીજાઓ માટે પસંદ કરજો, સંપૂર્ણ મુસલમાન બની જશો.

(૫) અને ખડખડાટ હસવાનું ટાળજો, કારણ કે ખડખડાટ હસવાથી હ્રદય મૃત બની જાય છે.’’

(મુસ્નદે અહમદ, તિરમિઝી, તર્જુમાનુસ્સુન્નહ)

વિવિધ દુઆઓ

(૧) જો કોઇ વ્યક્તિના પગમાં દર્દ હોય તો નીચે દર્શાવેલી દુઆ ૭ (સાત) વાર પઢીને દમ કરે :

بِسْمِ اللّٰهِ وَبِاللّٰهِ اَعُوْذُ بِاللّٰهِ وَقُدْرَتِهٖ
مِنْ شَرِّ مَا فِيْهَاط

(હયાતુસ્સહાબા : ભાગ–૨)

(૨) આંખોની રોશની વધારવા માટે વુઝૂ કર્યા પછી આકાશ તરફ નિહાળીને સૂરએ કદ્ર **(ઈન્ના અન્ઝલ્નાહુ....)** એક વાર પઢી લેવી.

(૩) કિડનીની પથરી દૂર કરવા માટે **સૂરએ અલમ્ નશ્રહ...** પઢીને પાણી ઉપર દમ કરી પીયા કરે, ઈન્શાઅલ્લાહ પથરી નીકળી જશે.

(૪) જો કોઈ વ્યક્તિ વુઝૂ કરતાં પહેલાં નીચે દર્શાવેલી આયત પઢશે તો તે જ્યાં સુધી વુઝૂ સાથે રહેશે ત્યાં સુધી ફરિશ્તા નેકીઓ લખતા રહેશે. **(અબૂદાવૂદ શરીફ)**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

بِسْمِ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ ط

(નોંધ : તમામ દુઆઓ દિલથી પૂરા યકીન સાથે પઢવી, ઈન્શા અલ્લાહ જરૂરથી ફાયદો થશે.)

● ● ●

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰۤى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

● ● ●

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْاَ السَّمٰوٰتِ
وَمِلْاَ الْاَرْضِ وَمِلْاَ الْعَرْشِ الْعَظِيْمِ ط

● ● ●

જન્નતમાં ઝાડો રોપવાના તથા મહેલો તૈયાર કરવાનાં અમલો

દરેક કલિમહનાં બદલામાં જન્નતમાં એક ઝાડ રોપી દેવામાં આવે છે.

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

ફઝીલત : એના પ્રત્યેક (દરેક) કલિમહનાં બદલામાં તમારા માટે એક ઝાડ રોપી દેવામાં આવે છે. (ફઝાઈલે આ'માલ)

જન્નતમાં સોનાનાં મૂળિયાવાળા એક હજાર (૧૦૦૦) ઝાડો રોપવામાં આવશે

તસ્બીહની ફઝીલત

જે માણસ (એકવાર)

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી

પઢે છે, તો તેના માટે જન્નતમાં એક હજાર ઝાડ રોપી દેવામાં આવે છે. આ વૃક્ષોનાં મૂળિયાં સોનાનાં હશે અને ડાળાં-પાંખડાં મોતીઓથી જડાયેલાં હશે તથા એમનાં ફળ અતિ ગોળમટોળ હશે (એટલે કે બહુજ મનમોહક અને સૌંદર્યવાન હશે),જે માખણથી વધુ નરમ-મુલાયમ હશે અને મધથી વધુ મીઠાં હશે. જ્યારે જ્યારે પણ એ વૃક્ષો ઉપરથી કોઈ ફળ તોડવામાં આવશે, તો એની જગ્યાએ (આપોઆપ) બીજું ફળ ઉગી કે ફૂટી નિકળશે, જેવું કે આથી પહેલાં હતું.

(હાકીમ, દયલમી અન અનસ રદિ. સંદર્ભ : કન્ઝુલ ઉમ્માલ : ભાગ-૧, પેજ : ૨૪૦, હદીસ ક્રમાંક : ૨૦૫૪)

બજારમાં તસ્બીહની ફઝીલત

નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : બજાર ભૂલ અને ગફલતની જગ્યા છે. બસ,જે માણસ બજારમાં એક વખત તસ્બીહ سُبْحَانَ اللّٰهِ (સુબ્હાનલ્લાહ) પઢશે તો અલ્લાહ તઆલા એના બદલામાં એ માણસ માટે દસ લાખ નેકીઓ લખી આપશે.

(નુઝહહ : ૧/૧૧૯, સંદર્ભ : તરગીબુલ મુસ્લિમીન : ૨૧૫)

જરા વિચારો, મારા ભાઈઓ ! આ તસ્બીહ બજારમાં એક વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના બદલામાં દસ લાખ (૧૦,૦૦,૦૦૦) નેકીઓ લખી આપશે.

એક વખત **"સુબ્હાનલ્લાહ"** જે માણસ બજારમાં પઢશે તો ઈન્શાઅલ્લાહ અલ્લાહ તઆલા દસ લાખ ઝાડો તેના હિસ્સાની જન્નતમાં રોપી દેશે. કેમ કે એક વખત **"સુબ્હાનલ્લાહ"** પઢવાથી અલ્લાહ તઆલા એક ઝાડ તે માણસની જન્નતમાં રોપી દે છે.(હદીસ) પરંતુ બજાર એ ગફલતની જગ્યા છે માટે ત્યાં પઢવાનો અજર અને સવાબ પણ ઘણો જ મોટો છે અને એના પઢવા પર બીજો જે સવાબ આપશે તે તો અલગ.

હવે જે માણસ રમઝાનુલ મુબારકમાં આ તસ્બીહ એક વખત બજારમાં પઢશે તો ઈન્શાઅલ્લાહ તે માણસનો સવાબ સિત્તેર (૭૦) ગણો વધી જશે, કારણ કે રમઝાનમાં એક નેકીનો સવાબ સિત્તેર ગણો મળે છે.(હદીસ). તો આ હિસાબ પ્રમાણે તે માણસની જન્નતમાં ઈન્શાઅલ્લાહ અલ્લાહની ઝાતથી ઉમ્મીદ અને આશા છે કે એક વખત **"સુબ્હાનલ્લાહ"** રમઝાનુલ મુબારકમાં બજારમાં પઢવાથી (૧૦,૦૦,૦૦૦x૭૦=૭,૦૦,૦૦,૦૦૦)સાત કરોડ ઝાડો અલ્લાહ તઆલા તે માણસની જન્નતમાં રોપી દેશે. અલ્લાહ તઆલા અમલની તૌફીક આપે, આમીન. પઢવામાં બહુ જ નાનો અમલ છે, પરંતુ અજર અને સવાબની દ્રષ્ટીએ ઘણો જ મોટો અમલ છે.

જન્નતમાં બે (૨) મહેલ મળશે

ફઝીલત : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ ઈશાની નમાઝ પછી બે (૨) રકા'ત પઢે અને દરેક રકા'તમાં (સૂરએ) **"કુલ હુવલ્લાહુ અહદ...."** પંદર (૧૫) વખત પઢે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં બે (૨) મહેલ બનાવશે.

(તફસીરે દુર્રે મન્પૂર : ૬/૪૧૫)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝١ اَللّٰهُ الصَّمَدُ ۝٢ لَمْ يَلِدْ ۙ وَلَمْ يُوْلَدْ ۝٣ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۝٤ (سورۃ الاخلاص ١١٢: ١-٤)

જન્નતમાં બે (૨) મહેલ મળશે

ફઝીલત : હઝરત ખાલિદ ઈબ્ને ઝૈદ અન્સારી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ ફરમાવ્યું : જે માણસ મગરિબ અને ઈશા દરમિયાન વીસ રકા'ત નમાઝ એવી રીતે પઢે કે દરેક રકા'તમાં **અલ્હમ્દુ લિલ્લાહ....**અને (સૂરએ) **"કુલ હુવલ્લાહુ અહદ...."** પઢે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં બેજોડ (અંતર રહિત-પરસ્પર અડોઅડ) અને બેઐબ (ખામીરહિત) બે મહેલ બનાવશે. (જમ્ઉલ જવામિઅ : ૧/૭૯૬)

સો (૧૦૦) મહેલ તા'મીર થશે, ઉપરાંત ..... :

ફઝીલત : હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસે વુઝૂ સાથે સો (૧૦૦) વાર (સૂરએ) **"કુલ હુવલ્લાહુ અહદ...."** પઢી. એવી રીતે કે **સૂરએ ફાતિહા**થી શરૂઆત કરી તો અલ્લાહ તઆલા તેના

માટે દરેક હર્ફ (અક્ષર)ના બદલામાં દસ નેકીઓ લખશે અને તેના દસ દરજાત બુલંદ ફરમાવશે અને તેના માટે જન્નતમાં સો (૧૦૦) મહેલ તા'મીર ફરમાવશે. (બયહકી કૃત "શુઅબુલ ઈમાન" હદીસ નં : ૨૩૧૮)

રાત્રે સૂતી વખતે ત્રીસ (૩૦) વખત પઢવાથી જન્નતમાં એક હજાર (૧૦૦૦) મહેલ તૈયાર થશે :

ફઝીલત : હઝરત ઉસ્માન (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ સૂતી વખતે ત્રીસ (૩૦) વખત (સૂરએ) **"કુલ હુવલ્લાહુ અહદ...."** (સંપૂર્ણ સૂરત) પઢશે, તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતમાં એક હજાર (૧૦૦૦) મહેલ બનાવશે અને જે વ્યક્તિ આ સૂરત બસો (૨૦૦) વખત પઢશે તો અલ્લાહ તઆલા તેને એવો દરજ્જો અતા ફરમાવશે, જેના પર તે રાજી થઇ જશે અને જે ઘરમાં (સૂરએ) **"કુલ હુવલ્લાહુ અહદ..."** પઢવામાં આવશે તો એ ઘરવાળાઓની સાથોસાથ તેના પાડોશીઓને પણ ફાયદો થશે.

(રવાહુ અબ્દુલમજીદ ફી અમાલીહ)

જન્નતમાં એક "ગુંબદ"(મિનારો) તૈયાર થાય છે.

એક હદીસમાં આવ્યું છે કે જે માણસ

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

સુબ્હાનલ્લાહે વ બિહામ્દિહી,સુબ્હાનલ્લાહેલ અઝીમ.

સાત (૭) વખત પઢશે તો તે માણસ માટે જન્નતમાં એક ગુંબદ (મિનારો) તા'મીર (તૈયાર) થઇ જાય છે.

(મશહૂર મુહદ્દિસ હાફિઝ ઇબ્ને કય્યિમ (રહ.)ની કિતાબ "અલ્ વાબિલુસ્સય્યિબ" ફઝાઇલે ઝિક્ર, ફઝાઇલે આ'માલ)

★ બિસ્મિહી તઆલા ★

(૧) "આ કુર્આન તો સર્વજગત માટે બોધ ગ્રંથ છે."
(કુર્આન શરીફ)

(૨) "ઈન્નલ અબ્રાર લફી નઈમ" (અલ–કુર્આન)
(નિઃશંક નેક લોકો જન્નતમાં હશે).

(૩) "મારી વાતો પહોંચાડો, ભલે ને એક જ વાત હોય."
(હદીસ શરીફ)

(૪) "મન અહબ્બ સુન્નતી ફકદ્ અહબ્બની વ મન્ અહબ્બની કા-ન મઈ-ય ફિલ્ જન્નતી"
[અર્થ : જેણે મારી સુન્નતથી મુહબ્બત કરી (તેના ઉપર અમલ કર્યો) તેણે મારાથી મુહબ્બત કરી અને જે મારાથી મુહબ્બત કરશે તે જન્નતમાં મારી સાથે હશે. (મિશ્કાત શરીફ, પેજ ૩૦)]

(૫) નબીએ રહમત (સ.અ.વ.)ની વસિય્યત :
અલ્લાહનાં રસૂલ (સ.અ.વ.)એ ફરમાવ્યુ : ''હું તમારામાં એવી બે ચીજ છોડી જાઉં છું કે જો તમે તેને પકડી રાખશો તો ક્યારેય ન ભટકશો.''
(૧) અલ્લાહ તઆલા ની કિતાબ (કુર્આન શરીફ).
(૨) નબી (સલ.)ની સુન્નત અર્થાત હદીસ.
(બેહિશ્તી ઝેવર) (મૌ. અશરફઅલી થાનવી રહ. ની કિતાબ)

(૬) "લકદ્ કા-ન લકુમ્ ફી રસૂલિલ્લાહિ ઉસ્વતુન્ હસ-નહ."
રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની ઝિંદગી તમારા માટે બેહતરીન નમૂનો છે. (સૂરએ અહઝાબ, આયત ૨૧)
"લા ઈલા-હ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"
[અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસૂલ છે.]

બલગલ ઉલા બિ કમાલિહી કશફદ્દુજા બિ જમાલિહી
હસનત જમીઉ ખિસાલિહી સલ્લૂ અલયહિ વ આલિહી
સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અલ્ફ અલ્ફ મર્રહ
બિ અદદિ કુલ્લિ ઝર્રહ

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પેજ નં.

ક્રમ	વિષય	પેજ નં.

(•••)

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ، سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ ط

જન્નતના જે દરવાઝેથી ઈચ્છે પ્રવેશી જા

સહીહ માન્યતા ધરાવનાર મુસલમાન જન્નતના જે દરવાઝેથી ઇચ્છશે પ્રવેશી શકશે.

હઝરત ઉબાદહ બિન સામિત (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે : જે માણસે આ ગવાહી–સાક્ષી આપી કે જે નીચે દર્શાવેલ દુઆમાં વર્ણન છે તો અલ્લાહ તઆલા એને જન્નતના આઠેય દરવાજાઓમાંથી જેમાંથી દાખલ થવાનું ઇચ્છશે એમાંથી દાખલ ફરમાવશે. તે દુઆ આ છે :

اَشْهَدُاَنْ لَّآاِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ
لَهٗ وَاَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ وَاَنَّ عِيْسٰى
عَبْدُاللّٰهِ وَرَسُوْلُهٗ وَابْنُ اَمَتِهٖ وَكَلِمَتُهٗ
اَلْقَاهَااِلٰى مَرْيَمَ وَرُوْحٌ مِّنْهُ وَاَنَّ الْجَنَّةَ
حَقٌّ وَّالنَّارُحَقٌّ ط

અશ્હદુ અંલ્લા ઈલા–હ ઈલ્લલ્લાહુ વહ્દહુ લા શરા–ક લહુ વ અન્ન મુહમ્મદન્ અબ્દુહૂ વ રસૂલુહ્. વ અન્ન ઈસા અબ્દુલ્લાહિ વ રસૂલુહ્. વ ઈબ્નુ અમતિહિ વ કલિમતહૂ અલ્કાહા ઈલા મર્યમ વ રુહુમ્ મિન્હુ વ અન્નલ્ જન્નત હક્કુન્ વન્નારુ હક્કુન્.

[**અર્થ** : હું ગવાહી આપું છું કે અલ્લાહના સિવાય કોઈ મા'બૂદ નથી. તે એકલો જ છે, એનો કોઈ ભાગીદાર (શરીક) નથી અને હું ગવાહી આપું છું કે હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ